અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ માર્ચ ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૧૪ | અંક : ૨૫૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**હરિયાણામાં ૧૦માંથી ૯ શહેરોમાં ભાજપના મેયર બનશે**

**કોંગ્રેસ ૧૦માંથી એક પણ બેઠક પર ખાતું ખોલાવી શકી નથી : આ ઉપરાંત ૨૧ શહેર પરિષદની ચૂંટણીમાં પણ કોંગ્રેસને જોરદાર ફટકો પડ્યો છે**

## હરિયાણામાં સર્વત્ર ભાજપનું કમળ ખીલ્યું, કોંગ્રેસ-AAPનો સંપૂર્ણ સફાયો

। (એજન્સી) હરિયાણા, તા.૧૨ ।

હરિયાણાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને બમ્પર જીત મળી છે. વિધાનસભાની ચૂંટણી બાદ આ ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ બંને માટે કસોટી સમાન હતી, જેમાં કોંગ્રેસ ફરી નિષ્ફળ ગઈ હતી. સ્થિતિ એવી છે કે હરિયાણાની કુલ ૧૦ નગર નિગમોમાંથી ૯ પર ભાજપે જીત મેળવી છે. જ્યારે માનેસર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અપક્ષ મેયર ઉમેદવાર ડો. ઈન્દ્રજીત યાદવનો વિજય થયો છે.

કોંગ્રેસ ૧૦માંથી એક પણ બેઠક પર ખાતું ખોલાવી શકી નથી. આ ઉપરાંત ૨૧ શહેર પરિષદની ચૂંટણીમાં પણ કોંગ્રેસને જોરદાર ફટકો પડ્યો છે. સોનીપત, પાણીપત, ગુરુગ્રામથી લઈને ફરીદાબાદ સુધી ભાજપને જોરદાર જીત મળી છે. જુલાણા નગરપાલિકાના ચેરમેન પદ પર પણ ભાજપનો વિજય થયો છે. વિનેશ ફોગટ જુલાના વિધાનસભાથી જીત્યા હતા. ચાલો જાણીએ કઈ સીટ પર શું પરિણામ આવ્યું છે. સોનીપત મહાનગરપાલિકામાં મેયર પદની પેટાચૂંટણીમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. અહીં ભાજપના રાજીવ જૈન ૩૪ હજાર ૭૪૯ વોટથી જીત્યા છે. જ્યારે કોંગ્રેસના કમલ દિવાન ૨૩ હજાર ૧૦૯ મતો સાથે બીજા ક્રમે રહ્યા હતા. સોનીપતના જાટ પ્રભુત્વ ધરાવતા શહેરી વિસ્તારોમાં ભાજપ પહેલેથી જ મજબૂત છે. હવે ફરી એકવાર વિજય નોંધાવીને તેણે બતાવ્યું છે કે લોકોને હજુ પણ તેમનામાં વિશ્વાસ છે.

ગુરુગ્રામ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પણ કમબેક કર્યું છે. પાર્ટીની રાજ રાનીએ કોંગ્રેસની સીમા પાહુજાને ૧ લાખ ૭૯ હજાર ૪૮૫ મતોના જંગી અંતરથી હરાવ્યા છે. કોંગ્રેસના ઉમેદવારને ૯૧ હજાર ૨૯૬ મત મળ્યા હતા. રાજ રાની મલ્હોત્રાને કુલ ૨,૧૫,૭૫૪ વોટ મળ્યા, જ્યારે તેમની સામે ચૂંટણી લડનાર કોંગ્રેસની સીમા પાહુજાને માત્ર ૬૫ હજાર ૭૬૪ વોટ મળ્યા હતા. સૌથી વધુ ચર્ચા રોહતકના ચૂંટણી પરિણામોની છે. આ જિલ્લો ભૂપિન્દર સિંહ હુડ્ડાનો ગઢ માનવામાં આવે છે, પરંતુ અહીં પણ કોંગ્રેસને મોટી હારનો સામનો કરવો પડ્યો છે. અહીંથી ભાજપના ઉમેદવાર રામ અવતારએ કોંગ્રેસના સૂરજમલ કિલોઈને ૪૫,૧૯૮ મતોથી હરાવ્યા હતા. ભાજપને ૧૦૨૨૬૯ અને કોંગ્રેસને ૫૭૦૭૧ વોટ મળ્યા હતા. આ સીટ પર INLD ત્રીજા અને AAP ચોથા ક્રમે છે.



ફરીદાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રવીણ જોશીને ૪૧૬૯૨૭ વોટ મળ્યા જ્યારે કોંગ્રેસની લતા રાનીને ૧૦૦૦૭૫ વોટ મળ્યા હતા તેમને ૩૧૬૮૫૨ મતોથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ બેઠક પર છછૅની નિશા દલાલ ફોજદાર ત્રીજા ક્રમે છે. ફરીદાબાદમાં ભાજપને સૌથી મોટી જીત મળી છે. પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટરના ગૃહ વિસ્તારમાં કરનાલ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસના મનોજ વાધવા ૫૮ હજાર ૨૭૧ મતો સાથે બીજા ક્રમે રહ્યા હતા. અહીં ભારતીય જનતા પાર્ટીની રેણુ બાલા ગુપ્તા ૮૩ હજાર ૬૩૦ મતોથી જીતી છે. તેમણે કોંગ્રેસને ૨૫૩૫૯ મતોથી હરાવ્યા છે. આ બેઠક પણ પંજાબી પ્રભુત્વ ધરાવતી છે અને ભાજપ અહીં પરંપરાગત રીતે મજબૂત માનવામાં આવે છે. હિસાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી બીજેપીના પ્રવીણ પોપલી ૬૪ હજાર ૪૫૬ વોટથી જીત્યા છે. તેમણે કોંગ્રેસના કૃષ્ણા ટીટુ સિંગલાને હરાવ્યા હતા. એક તરફ પોપલીને ૯૬૩૨૯ વોટ મળ્યા છે. જ્યારે સિંગલાને ૩૧૮૭૨ મત મળ્યા હતા. હવે જો પાણીપતની વાત કરીએ તો અહીં ભાજપના ઉમેદવાર કોમલ સૈનીની જીત થઈ છે. ૧૭ રાઉન્ડની મતગણતરી બાદ પણ તે ૧,૦૮,૭૨૯ મતોથી આગળ હતી. આ જીત ભાજપ માટે મોટી છે. વિધાનસભા ચૂંટણીમાં ભાજપે હરિયાણામાં પોતાના દમ પર બહુમતી મેળવીને આશ્ચર્યચકિત કરી દીધી છે. હાલમાં ભાજપ સતત ત્રીજી વખત રાજ્યમાં સત્તા પર છે.

### ક્રિકેટર રિષભ પંતની બહેનના લગ્નમાં ધોનીએ લૂંટી મહેફિલ

। (એજન્સી) મસૂરી, તા.૧૨ ।

રિષભ પંતની બહેન સાક્ષી પંતના આજે લગ્ન છે. ચેમ્પિયન્સ ટ્રોફી ટુર્નામેન્ટ રમીને પરત ફરેલો તેનો ભાઈ પંત મંગળવારે સવારે મસૂરી પહોંચ્યો હતો. સાંજે પૂર્વ ભારતીય ક્રિકેટર એમએસ ધોની તેની પત્ની સાથે મસૂરી પહોંચ્યા. સુરેશ રૈના પણ તેની પત્ની સાથે લગ્ન સમારોહમાં પહોંચી ગયો હતો. મંગળવારે મહેંદી સેરેમની જેમાં એમએસ ધોનીના ઠુમકાએ રંગ જમાવ્યો. હવે ધોનીના ડાન્સનો વીડિયો ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. રિષભ પંતની બહેનની મહેંદી સેરેમનીમાં ધોનીએ બ્લેક રંગનો ડિઝાઈનર કૂર્તો પહેર્યો હતો.

**સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યોજાયેલી યુએસ-યુક્રેનમંત્રણા બાદ આ સમજૂતી થઈ હતી**

## રશિયા-યુક્રેન શાંતિ પ્રસ્તાવઃ ઝેલેન્સ્કી ૩૦ દિવસના યુદ્ધવિરામ માટે રાજી થયા

**જો કે જ્યાં સુધી રશિયા તેને ઔપચારિક રીતે સ્વીકારે નહીં ત્યાં સુધી આ યુદ્ધવિરામ અસરકારક રહેશે નહીં**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જાહેરાત કરી હતી કે યુક્રેન યુદ્ધવિરામ માટે સંમત છે. હવે જોવાનું એ રહે છે કે રશિયા આ પ્રસ્તાવને સ્વીકારે છે કે નહીં. યુક્રેન રશિયા સાથે ૩૦ દિવસના યુદ્ધવિરામ માટે સંમત છે. બદલામાં, યુ.એસ.એ યુક્રેન સાથે લશ્કરી સહાય અને ગુપ્ત માહિતીની વહેંચણી ફરી શરૂ કરી છે. સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યોજાયેલી યુએસ-યુક્રેનમંત્રણા બાદ આ સમજૂતી થઈ હતી.જ્યાં સુધી રશિયા તેને ઔપચારિક રીતે સ્વીકારે નહીં ત્યાં સુધી આ યુદ્ધવિરામ અસરકારક રહેશે નહીં.અમેરિકી



વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ કહ્યું, 'અમે ક્રેમલિનને સ્પષ્ટ સંદેશ મોકલીશું કે યુક્રેન વાતચીત માટે તૈયાર છે. હવે તે તેમના પર નિર્ભર કરે છે કે તેઓ હા કહે છે કે નહીં.' અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, 'હવે આપણે રશિયા જવું પડશે અને આશા છે કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પણ આ માટે સહમત થશે. અમે ઈચ્છીએ છીએ કે આ યુદ્ધનો અંત આવે. જો આપણે રશિયાને આ કરવા માટે મેળવી શકીએ, તો તે મહાન હશે.જેદ્દાહમાં યુએસ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ રૂબિયો અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વોલ્ટ્ઝે કર્યું હતું. તેઓ યુક્રેનના પ્રમુખ એન્ડ્રી યેરમાક, વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહા અને સંરક્ષણ મંત્રી રૂસ્તમ ઉમારોવના નેતૃત્વમાં કિવના પ્રતિનિધિમંડળને મળ્યા હતા. યુક્રેને કહ્યું કે તે રશિયા સાથે ૩૦ દિવસના યુદ્ધવિરામના ટ્રમ્પ વહીવટીતંત્રના પ્રસ્તાવને સમર્થન આપશે.

**નવી નોટોની ડિઝાઇનમાં કોઈ ફેરફાર નહીં થાય**

## RBIએ નવી નોટ બહાર પાડવાની કરી જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

હોળી પહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નોટોને લઈને મોટી જાહેરાત કરી છે. RBIએ કહ્યું છે કે ટૂંક સમયમાં જ તે ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નવી નોટ બહાર પાડવા જઈ રહી છે. જોકે, આ નવી નોટોની ડિઝાઈનમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

આ નવી નોટો પર નવા નિયુક્ત ગવર્નર સંજય મલ્હોત્રાના હસ્તાક્ષર હશે. સેન્ટ્રલ બેન્ક અનુસાર, આ એક સામાન્ય પ્રક્રિયા છે. જે અંતર્ગત દરેક નવા ગવર્નરની નિમણૂક બાદ તેમના હસ્તાક્ષરવાળી નોટો જારી કરવામાં આવે છે. આરબીઆઈ સમયાંતરે વર્તમાન ગવર્નરના હસ્તાક્ષર સાથે નવી નોટ બહાર પાડે છે. નવા આરબીઆઈ ગવર્નરની નિમણૂક પછી નવી નોટો બહાર પાડવી એ નિયમિત પ્રક્રિયા છે. આ નવી નોટો ટૂંક સમયમાં ચલણમાં આવી જશે.




સંજય મલ્હોત્રાએ ડિસેમ્બર ૨૦૨૪માં RBIના ૨૬મા ગવર્નર તરીકે શક્તિકાંત દાસનું સ્થાન લીધું છે. સેન્ટ્રલ રિઝર્વ બેન્કે કહ્યું છે કે અગાઉ જારી કરાયેલી તમામ રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ ની નોટો કાયદેસર રહેશે અને તેને બદલી શકાશે નહીં. ચલણમાં રહેલી જૂની નોટોની માન્યતા પર કોઈ અસર નહીં પડે. આનો અર્થ એ છે કે કોઈપણ પ્રકારનું ડિમોનેટાઈઝેશન કરવામાં આવી રહ્યું નથી. આરબીઆઈએ સંજય મલ્હોત્રાના હસ્તાક્ષરવાળી ૫૦ રૂપિયાની નવી બેન્ક નોટ જારી કરવાની જાહેરાત કરી છે.

### દલિતોએ પહેલીવાર મંદિર જઈને રચ્યો ઇતિહાસ

। (એજન્સી) કોલકત્તા, તા.૧૨ ।

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાથી લગભગ ૧૫૦ કિમી દૂર, પૂર્વ બર્દવાન જિલ્લાના કટવામાં આવેલા ગિધાગ્રામ નામના ગામને કિલ્લામાં ફેરવી દેવામાં આવ્યું હતું, જેની આસપાસ પોલીસ અને સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા. એક ગામમાં આટલી બધી સુરક્ષા રાખવામાં આવી હતી કારણ કે અહીં ઈતિહાસ રચાયો હતો. પહેલી વાર, ગામના દલિતોના એક જૂથે ગામના ગિદેશ્વર મંદિરમાં પ્રવેશ કર્યો અને પ્રાર્થના કરી.

**૭ વર્ષની જેલથી લઈ ૧૦ લાખ સુધીની દંડની જોગવાઈઓ**

## કેન્દ્ર સરકાર લાવી ગેરકાયદે ઇમિગ્રેશન રોકવા માટે બિલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ઘૂસણખોરી અને ગેરકાયદેસર ઈમિગ્રેશનને રોકવાના ઉદ્દેશ્ય સાથે લોકસભામાં મંગળવારે ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલ ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યું. અમિત શાહ તરફથી ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે બિલ રજૂ કરતાં કહ્યું કે કોઈને પણ દેશમાં પ્રવેશતા અટકાવવા માટે આ બિલ લાવવામાં આવ્યું નથી, પરંતુ આ બિલનો હેતુ એ છે કે કોઈપણ વિદેશી જે ભારતમાં આવે છે તે અહીંના નિયમોનું પાલન કરીને જ આવે. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી અને ટીએમસીના સૌગત રોયે બિલનો વિરોધ કર્યો છે. આ બિલનો હેતુ ભારતના ઈમિગ્રેશન નિયમોને આધુનિક બનાવવાનો અને મજબૂત કરવાનો છે. આ બિલ ભારતમાં એન્ટર કરવા અને અહીંથી બહાર જતા વ્યક્તિઓના સંબંધમાં પાસપોર્ટ અથવા અન્ય મુસાફરી દસ્તાવેજોની જરૂરિયાતો અને વિદેશીઓ સંબંધિત બાબતોનું નિયમન કરવાની સત્તા કેન્દ્ર સરકારને આપશે. આમાં વિઝા અને રજીસ્ટ્રેશનની જરૂરિયાતો અને તેનાથી સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. ઈમિગ્રેશન સાથે જોડાયેલું આ બિલ દેશની સુરક્ષાના સંદર્ભમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

**વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભાવ સ્થિર**

## સળંગ ત્રીજા દિવસે સોના-ચાંદીના ભાવ સ્થિર રહ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આકરા પગલાંઓના કારણે આર્થિક મંદી અને ટ્રેડ વોરની ભીતિના પગલે કિંમતી ધાતુ બજાર પણ થોભ્મો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે. જેના પગલે સોના-ચાંદી માર્કેટ છેલ્લા ત્રણ દિવસથી સ્થિર બન્યા છે. વૈશ્વિક અને સ્થાનિક સ્તરે ગઈકાલે સોનું ફ્લેટ બંધ રહ્યા બાદ આજે નજીવા ઘટાડે ક્વોટ થઈ રહ્યું છે. એમસીએક્સ સોનું રૂ. ૮૬૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર સ્થિર રહ્યું છે. જે આજે ૮૬૧૩૯ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે ખૂલ્યા બાદ રૂ. ૧૦૫ના નજીવા ઘટાડે ૮૬૦૪૭ પર ટ્રેડ થઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે સ્પોટ ગોલ્ડ પણ ૧.૭૯ ડોલરના નજીવા ઘટાડે ૨૯૧૯.૧૦ ડોલર પર ક્વોટ થયુ હતું. અમદાવાદ બુલિયન બજારમાં સોનાનો ભાવ સળંગ છેલ્લા ત્રણ દિવસથી રૂ. ૮૮૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર સ્થિર રહ્યો છે. તે અગાઉ સાત માર્ચે રૂ. ૮૮૯૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો.

**આસામ સરકારે સોમવારે એક મોટી જાહેરાત કરી**

## દેશમાં પહેલીવાર કોઈ રાજ્ય પોતાનો સેટેલાઇટ લોન્ચ કરશે

। (એજન્સી) દીસપુર, તા.૧૨ ।

આસામ દેશનું પહેલું એવું રાજ્ય બનશે કે, જેની પાસે પોતાનો સેટેલાઈટ હશે. નાણામંત્રી અજન્તા નિયોગે વર્ષ ૨૦૨૫ ૨૬માં રાજ્યનું બજેટ રજૂ કરતી વખતે આ વાત કરી હતી. અને તેના માટે આસામ સરકારે ઈસરો સાથે વાતચીત પણ કરી છે. જે અંગે મુખ્યમંત્રી હિમંતા બિસ્વાએ કહ્યું કે, જો અમારી પાસે પોતાનો ઉપગ્રહ હશે તો તે અમને માહિતી આપશે કે, કોઈ બહારની વ્યક્તિ ખોટી રીતે રાજ્યમાં પ્રવેશ કરી રહી છે કે નહીં. પૂર જેવી આફતોની વિશે પણ આગોતરી માહિતી આપશે અને ખેડૂતો માટે હવામાન સંબંધિત રિપોર્ટ પણ આપશે. તેમજ આસામ દેશનું પહેલું રાજ્ય હશે, જેની પાસે પોતાનો ઉપગ્રહ હશે. આસામ સરકારે સોમવારે એક મોટી જાહેરાત કરી છે. રાજ્યને પોતાનો સેટેલાઈટ મળશે જે સામાજિક અને આર્થિક વિકાસ પ્રોજેક્ટ્સને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે મહત્ત્વપૂર્ણ ડેટા એકત્રિત કરવામાં અને સરહદોનું નિરીક્ષણ કરવામાં પણ મદદ કરશે. સેટેલાઈટની કામગીરી વિશે માહિતી આપતાં નાણામંત્રી અજન્તા નિયોગે કહ્યું કે, આ ઉપગ્રહ ભારતીય અવકાશ વિભાગના IN SPACE (ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઑથોરાઈઝેશન સેન્ટર) સાથે સહયોગથી વિકસિત કરવામાં આવશે.




### મોરબી જિલ્લામાં પ્રવેશની મંજૂરી અપાઈ

## મોરબી ઝૂલતા પુલ કેસ જયસુખ પટેલને મોટી રાહત

। મોરબી, તા.૧૨ ।

મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસમાં આરોપી જયસુખ પટેલને કોર્ટે મોટી રાહત આપી છે. કોર્ટે જયસુખ પટેલને મોરબી જિલ્લામાં પ્રવેશ ન કરવાની શરતમાંથી મુક્તિ આપી છે, જેના પગલે હવે તેઓ મોરબી જિલ્લામાં પ્રવેશી શકશે. આ અગાઉ જયસુખ પટેલને શરતી જામીન આપવામાં આવ્યા હતા. મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનામાં ૧૩૫ લોકોના મોત થયા હતા, જેણે સમગ્ર મોરબીમાં શોકની લાગણી ફેલાવી હતી. આ દુર્ઘટનામાં ઘણા પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા હતા, જેનો ઘા હજુ પણ રૂઝાયો નથી. કેટલાક પરિવારોએ તો હજુ સુધી તહેવારોની ઉજવણી પણ નથી કરી.મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસમાં ૨૭ જાન્યુઆરીએ સેશન્સ કોર્ટમાં રજૂ થયેલી ચાર્જશીટમાં જયસુખ પટેલને મુખ્ય આરોપી તરીકે દર્શાવાયો છે. ૧૨૬૨ પાનાની ચાર્જશીટમાં જયસુખ પટેલ પર અંગત સ્વાર્થ માટે અધૂરા સમારકામે પુલ ખોલવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. પુલ ખોલવા પાછળ તેમનો આર્થિક લાભ હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. ચાર્જશીટમાં ખુલાસો થયો છે કે સમારકામની મુદત એક વર્ષ હોવા છતાં છ મહિનામાં કામ પૂરું કરવામાં આવ્યું હતું. પુલના બે કેબલમાંથી એક કેબલ નબળો હોવા છતાં સમારકામમાં બેદરકારી દાખવવામાં આવી હતી. બીજા કેબલમાં ૪૯માંથી ૨૨ તાર કાટ ખાધેલા હોવા છતાં રિપેર કરવામાં આવ્યા ન હતા. ટેકનિકલ મદદ લીધા વગર જ પુલનું કામ સોંપવામાં આવ્યું હતું અને પુલ નદી પર હોવા છતાં લાઈફ સપોર્ટ સિસ્ટમની સુવિધા નહોતી.

## અદાણી એરપોર્ટ્સ પર ૬.૮ મિલિયનથી વધુ મુસાફરોએ ડિજીયાત્રાનો ઉપયોગ કર્યો

### મેંગલુરુ અને તિરુવનંતપુરમ ડિજીયાત્રા ઓફર કરનારા નવીનતમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ

। અમદાવાદ, તા.૧૨ ।

અદાણી એરપોર્ટ્સ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) એ નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MoCA) ની ડિજીયાત્રા પહેલમાં મેંગલુરુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને તિરુવનંતપુરમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને ઓનબોર્ડ કરવાની જાહેરાત કરી છે. હવે AAHL ના તમામ સાત કાર્યરત એરપોર્ટ મુસાફરોને ડિજીયાત્રાનો ઉપયોગ કરવાની સુવિધા આપે છે. આ મહત્વપૂર્ણ પગલું AAHL ની સીમલેસ પેપરલેસ અને કોન્ટેક્ટલેસ મુસાફરીના અનુભવને વધુ બહેતર કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

AAHL ના ડિરેક્ટર જીત અદાણીએ જણાવ્યું હતું કે, "૧૫ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ શરૂઆતથી જ પાંચ એરપોર્ટ મુંબઈ, અમદાવાદ, જયપુર, લખનૌ અને ગુવાહાટીના મુસાફરોને ડિજીયાત્રાની સુવિધા પૂરી પાડી રહ્યા છે. મેંગલુરુ અને તિરુવનંતપુરમ એરપોર્ટ્સ પર ડિજીયાત્રાની સુવિધા પૂરી પાડવી એ મુસાફરોને વધુ સુવિધા અને સુરક્ષા પ્રદાન કરવાના AAHLના અભિગમને દર્શાવે છે. અમારા કેટલાક એરપોર્ટ પર એક દિવસમાં ડિજીયાત્રાનો ૩૭ ટકા જેટલો વધુ ઉપયોગ મુસાફરોની તેમાં રૂચિ દર્શાવે છે. ડિજીયાત્રાની સુવિધાથી યાત્રાળુઓને મુસાફરીના અનુભવમાં નવો આયામ મળ્યો છે."




ભારતમાં ઉડ્ડયન ક્ષેત્રને અત્યાધુનિક ટેકનોલોજી અપનાવતા ડિજીયાત્રાનો અમલ એ મુસાફરોને વિશ્વ કક્ષાની સેવાઓ પૂરી પાડવાની AAHL ની પરિવર્તનશીલ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. અદાણી એરપોર્ટ્સ પર લોંચીગ બાદ ૬.૮ મિલિયનથી વધુ મુસાફરોએ ડિજીયાત્રાનો ઉપયોગ કર્યો છે. ડિજીયાત્રા પહેલનો ઉદ્દેશ્ય પેપરલેસ અને મુશ્કેલીમુક્ત મુસાફરીનો અનુભવ પૂરો પાડવાનો છે, જેમાં એરપોર્ટ પર સીમલેસ પ્રવેશ માટે ચહેરાની ઓળખ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. ડિજીયાત્રા દ્વારા ઉપયોગમાં લેવાતી ચહેરાની ઓળખ ટેકનોલોજી વિવિધ ચેકપોઈન્ટ પર સીમલેસ પેસેજને સક્ષમ બનાવે છે. ડિજીયાત્રા ભૌતિક દસ્તાવેજોની જરૂરિયાતને ટાળે છે, બાયોમેટ્રિક ડેટા દ્વારા મુસાફરોની ઓળખ ચકાસીને તે ઉચ્ચતમ સુરક્ષાના પૂરી પાડે છે. વળી ડિજીયાત્રાથી વિવિધ ટચપોઈન્ટ્સ પર રાહ જોવાના સમયમાં પણ ઘટાડો થાય છે.

## વડોદરા ડિવિઝનમાંથી એક્સ્ટ્રા બસ દોડાવવાનું ચાલુ કરાયુ

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

હોળી-ધુળેટીના તહેવારોના પગલે એસટી તંત્ર દ્વારા મુસાફરોના ધસારાને પહોંચી વળવા પાંચ દિવસ એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા ડિવિઝનમાંથી ગઈકાલથી એક્સ્ટ્રા બસ દોડાવવાનું ચાલુ કરી દેવામાં આવ્યું છે. જે તા.૧૪ સુધી ચાલુ રહેશે. ગઈકાલે વડોદરાથી ૫૪ બસ દોડાવવામાં આવી હતી. તા.૧૨ ના રોજ ૧૧૦ બસ, તા.૧૩ના રોજ ૭૫ અને તા.૧૪ ના રોજ ધુળેટીના દિવસે ૨૦ બસ દોડાવવામાં આવશે. આમ, પાંચ દિવસ દરમિયાન આશરે ૨૫૯ બસ દોડાવવામાં આવશે. આ બધી બસ ખાસ કરીને દાહોદ, ગોધરા, ઝાલોદ, સંતરામપુર, લુણાવાડા એટલે કે પંચમહાલ અને મહીસાગર જિલ્લા તરફ વધુ દોડે છે, તેનું કારણ એ કે આ જિલ્લામાંથી કામ ધંધા અર્થે આદિવાસી પરિવારો શહેરમાં આવેલા હોય છે, જે હોળી-ધુળેટીનો તહેવાર મનાવવા વતન જતા હોય છે. એસટી વિભાગ દ્વારા જણાવાયું હતું કે મુખ્યત્વે ટ્રાફિકનો ઘસારો કેવો રહે છે તેના આધારે પણ વધુ બસ દોડાવવા માટે નિર્ણય લેવાતો હોય છે. આમ પણ ગુજરાતમાં હોળી ધુળેટીના તહેવારોના પગલે એસટી તંત્ર દ્વારા ૧,૨૦૦ એક્સ્ટ્રા બસ દોડાવવાનો નિર્ણય લેવાયો છે. જેમાં અમદાવાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારમાંથી ડાકોર, દ્વારકા જેવા ધાર્મિક તીર્થસ્થાનો અને પંચમહાલ, છોટા ઉદેપુર તરફ જવા ઘસારો વધુ હોવાથી એક્સ્ટ્રા બસ દોડાવવામાં આવે છે.

### ગેસ ગળતરનો શિકાર થયો

## અમદાવાદના વસ્ત્રાપુરમાં ગટર સાફ કરવા ઉતરેલા કર્મચારીનું મોત નિપજ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દેશભરમાં ડિજિટલ ક્રાંતિની વાતો કરવામાં આવે છે. ટેક્નોલોજીમાં હરણફાળ ભરવાની વાત કરવામાં આવે છે પરંતુ, ગુજરાતમાં હજુ સુધી ગટર સાફ કરવાને લઈને કોઈ જ ટેક્નોલોજી વિકસિત કરવામાં નથી આવી. યોગ્ય મશીનરી અને ટેક્નોલોજીના અભાવે અવાર-નવાર ગટર સાફ કરવા માટે શ્રમિકોએ ગટરની અંદર ઉતરવું પડે છે. જે દરમિયાન ગેસ ગળતરના કારણે શ્રમિકો મોતને ભેટે છે. આવો જ કિસ્સો ફરી અમદાવાદના પોષ વિસ્તારમાં બન્યો છે. જેમાં વસ્ત્રાપુરમાં ગટર સાફ કરતા દરમિયાન એક શ્રમિકનું મોત નિપજ્યું છે. અમદાવાદના વસ્ત્રાપુરમાં સુભાષ પાર્ક પાસે મંગળવારે લાલા પટેલ નામનો શ્રમિક ગટર સાફ કરવા માટે અંદર ઉતર્યો હતો. એક ખાનગી સોસાયટી દ્વારા શ્રમિકને ગટર સાફ કરવા માટે બોલાવવામાં આવ્યો હતો. શ્રમિક ગટર સાફ કરતો હતો તે દરમિયાન સાંજે ૬ વાગ્યાની આસપાસ તેનું ગેસ ગળતરના કારણે શ્રમિકનો શ્વાસ રૂંધાયો અને તેનું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયર અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયરની ટીમ દ્વારા શ્રમિકના મૃતદેહને બહાર કાઢી પોસ્ટ મોર્ટમ ખાતે મોકલવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, મૃતક શ્રમિક કોર્પોરેશનનો કર્મચારી હતો. ત્યારે પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે કે, કોર્પોરેશન દ્વારા શ્રમિકને સુરક્ષાના સાધનો પૂરા પાડવામાં કેમ નહતાં આવ્યા? ક્યાં સુધી વિકસિત અમદાવાદને સુંદર બનાવી રાખનારા સફાઈ કામદારો સુરક્ષાના અભાવે મોતના મોંમાં ધકેલાતા રહેશે? સમગ્ર મુદ્દે હાલ પોલીસે તપાસ હાથ ધરી છે.

## ડભોલીમાં સંખ્યાબંધ જોખમી ડોમ હોવા છતાં માત્ર ૮ ડોમનું જ ડિમોલિશન હાથ ધરાયું

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતના રીંગરોડ વિસ્તારમાં શિવ શક્તિ માર્કેટમાં આગ બાદ પાલિકા તંત્ર વડાપ્રધાનના કાર્યક્રમની તૈયારીમાં પડી ગયું હતું. દરમિયાન કતારગામ વિસ્તારના રહીશોની રહેણાંક વિસ્તારમાં પતરાના શેડ અને ડોમ જોખમી હોવાની ફરિયાદ બાદ પણ કામગીરી થઈ ન હતી. અચાનક જાગેલા ઝોને આજે સંખ્યાબંધ ઝોનમાંથી માત્ર આઠ ડોમ દુર કરી કામગીરી કર્યાની જાહેરાત કરી છે. જોકે, ફાયર સ્ટેશનથી બીઆરટીએસ રોડ જતા રસ્તા પરના પતરાના શેડ અને ડોમ ટ્રાફિક માટે પણ જોખમી બની રહ્યાં છ તેની સામે કોઈ કામગીરી કરવામાં આવતી ન હોવાની ફરિયાદ થઈ રહી છે. સુરત પાલિકાના કતારગામ ઝોન ગેરકાયદે પતરાના શેડ અને ગેરકાયદે ડોમ માટે કુખ્યાત બની ગયો છે. થોડા સમય પહેલા કતારગામના ધારાસભ્ય વિનોદ મોરડીયાએ રહેણાંક વિસ્તારમાં ચાલતા ભંગારના ગોડાઉન સામે ફરયાદ કરી હતી તો ઝોન દ્વારા માત્ર ભંગારના ગોડાઉન સીલ કરવામા આવ્યા હતા. આ ઉપરાંત રહેણાંક વિસ્તારમાં પતરાના મોટા શેડ અને ડોમ બનાવી દેવામા આવ્યા છે તે જોખમી હોવાની લોકોની ફરિયાદ બાદ પણ તંત્રએ કોઈ કામગીરી કરી ન હતી. હાલમાં આ અંગે ભારે હોબાળો મચી જતાં પાલિકાના કતારગામ ઝોન આજે કામગીરી કરી છે. પાલિકાના કતારગામ ઝોને ડભોલી વિસ્તારમાં આવેલા સંખ્યાબંધ ડોમમાંથી માત્ર આઠ પતરાના શેડનું ડિમોલિશન કર્યું છે. કતારગામ ઝોનની ટીમ દ્વારા આ વિસ્તારમાં ગેરકાયદે ધમધમતા કુલ ૮ પતરાના શેડ અને ડોમનો અંદાજીત ૧૦,૨૦૦ ચો.ફૂટ ક્ષેત્રફળનું બાંધકામ દુર કરવામાં આવ્યું હતું. પાલિકાને લોકોએ ફરિયાદ કરી હતી તે અંદરના રોડ પર ડિમોલિશન કરવામાં આવ્યું છે. પરંતુ ફાયર સ્ટેશનથી બીઆરટીએસ રોડ જતા રસ્તા પરના પતરાના શેડ અને ડોમ ટ્રાફિક માટે પણ જોખમી અને આ રોડ પર પાનના ગલ્લા, ગેરેજ,અને ઓનલાઈનના ગોડાઉન લોકો માટે આફતરૂપ બની રહ્યાં છે તેની સામે કોઈ કામગીરી કરવામાં આવી નથી તેથી મુખ્ય રોડની સમસ્યાનો હલ આવ્યો નથી. આ સમસ્યા છે તેમ છતાં આ એકમો સામે કામગીરી થતી ન હોવાથી ઝોનની કામગીરી સામે શંકા થઈ રહી છે.

## શાકભાજી પાકોમાં જંતુનાશકોને રોકવા ખેડૂતો સંકલિત જીવાત વ્યવસ્થાપન અપનાવે

। વડોદરા, તા.૧૨ ।

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નેજા હેઠળ વનસ્પતિ સંરક્ષણ સંગરોધ અને ભંડાર નિર્દેશાલયના ઉપક્રમે તીડ- સહ-સંકલિત જીવાત વ્યવસ્થાપન કેન્દ્ર, વડોદરા દ્વારા મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં જીવાત નિયંત્રણ અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ તાલીમ કાર્યક્રમમાં મહિલા ખેડૂત સહિત ખેડૂતો અને કૃષિ વિભાગના કર્મીઓએ ભાગ લઈ રહ્યા છે. છ અઠવાડિયાના આ કાર્યક્રમમાં એક દિવસ કિસાન ખેત શાળાનું આયોજન કરવામાં આવે છે.જેના ભાગરૂપે ખેડા જિલ્લાના કણજરી ખાતે કિસાન ખેત શાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સહાયક વનસ્પતિ સંરક્ષણ અધિકારીશ્રી એમ. એ. મનસૂરી, ડો.બાબુરાવ થોમ્બેરે અને ડો.શાંતિયાએ સંકલિત જીવાત વ્યવસ્થાપન આધારિત ખેતીના વિવિધ વિષયો પર ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી. પાકને જીવાત અને રોગોથી બચાવવા માટે ખેડૂતો રાસાયણિક જંતુનાશકોનો અયોગ્ય અને આડેધડ ઉપયોગ કરી રહ્યા છે. જેના કારણે કૃષિ ઉત્પાદનોમાં જંતુનાશકોના અવશેષોની સમસ્યા જોવા મળે છે. રાસાયણિક જંતુનાશકો દરેકના સ્વાસ્થ્ય તેમજ પર્યાવરણ માટે ખૂબ જ હાનિકારક છે. ખેડૂતો સંકલિત જીવાત વ્યવસ્થાપન આધારિત ખેતી અપનાવીને આ સમસ્યાનો ઉકેલ લાવી શકે છે. આ ખેડૂત શાળામાં બીજ ઉપચારનો મહત્વ અને પદ્ધતિ, વિવિધ પાકોને અસર કરતી જીવાતો અને રોગોની ઓળખ અને તેમના યોગ્ય પ્રબંધન અને સંકલિત જીવાત વ્યવસ્થાપનની પદ્ધતિઓ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

## સાત દિવસનાં નવજાત શિશુને અનાથ આશ્રમમાં છોડી દીધું

। (એજન્સી) નડિયાદ, તા.૧૨ ।

ગઈકાલે સવારે નડિયાદ માતૃ છાયા અનાથાશ્રમની બહાર એક અજાણ્યા વ્યક્તિએ એક નવજાત બાળકને પારણામાં છોડી દીધું હોવાનું માતૃ છાયા આશ્રમના કર્મચારીઓને જાણ થતાં ચકચાર મચી ગઈહતી. કર્મચારીઓને ઘટનાની જાણ થઈ, ત્યારે તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને નવજાત શિશુને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું હતું. નડિયાદ પોલીસે હવે નવજાત શિશુને કોણે ત્યજી દીધું તેની તપાસ શરૂ કરી છે. આ મામલે નડિયાદના વૈશાલી રોડના રહેવાસી સંદીપભાઈ પરમારે ફરિયાદ નોંધાવી હતી. તેમણે કહ્યું કે તેઓ છેલ્લા ૨૫ વર્ષથી નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં નીલકંઠ મહાદેવ પાસે આવેલા માતૃછાયા અનાથાશ્રમમાં અધિક્ષક તરીકે કાર્યરત છે. ૧૦ માર્ચ, ૨૦૨૫ ના રોજ, સવારે ૬:૪૫ વાગ્યે તેમને ખબર પડી કે કોઈ અજાણ્યા વ્યક્તિએ સંસ્થાના મુખ્ય દરવાજાની બહાર પારણામાં નવજાત બાળકને છોડી દીધું છે, તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા. તેથી જ્યારે તેઓ સ્થળ પર પહોંચ્યા, ત્યારે તેમને લગભગ સાત દિવસનું એક તાજું જન્મેલું બાળક મળી આવ્યું હતું. તેમણે અન્ય સ્ટાફ સાથે બાળકને તાત્કાલિક સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા. અને જ્યારે સંદીપભાઈએ આ બાબતની જાણ નડિયાદ પશ્ચિમ પોલીસને કરી, ત્યારે પોલીસે બાળકને ત્યજી દેનારા અજાણ્યા વ્યક્તિ સામે ગુનો નોંધીને તેની શોધ શરૂ કરી છે.

### હોળીના તહેવાર ટાણે શિક્ષકોનો પગાર અટવાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ શહેરની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકોને હોળી ધુળેટી તેમજ રમજાનના તહેવાર ટાણે જ પગારની રામાયણ થઈ છે. સામાન્ય રીતે ૧ તારીખ આસપાસ પગાર થઈ જતો હોય છે પરંતુ માર્ચ માસને શરૂ થવાના દસ દિવસથી વધુ સમય થયો છતાં પગાર નહીં થતા શિક્ષકોની મુશ્કેલીઓ વધી છે. સ્કૂલ બોર્ડમાં ૪૦૦થી વધુ શાળાઓમાં ૪૦૦૦ જેટલા શિક્ષકો ફરજ બજાવે છે જેમને હાલ તહેવાર ટાણે જ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

# વિશેષ

### તમે ખાદી મહોત્સવની મુલાકાત લીધી કે નહીં ?

## શહેરના સયાજીગંજમાં પારસી અગિયારી ગ્રાઉન્ડ ખાતે ચાલી રહ્યો છે ખાદી મહોત્સવ

### ખાદીના ૪૬ અને ગ્રામોદ્યોગના ૩૨ સ્ટોલ પરથી સ્વદેશી, સસ્તી અને સારી વસ્તુઓ ખરીદવાની તા. ૨૨ માર્ચ સુધી અમૂલ્ય તક









। (માહિતી) વડોદરા ।

કરકસર અને બચત એ ગુજરાતીઓની એક વિશેષ ઓળખ છે. સ્વદેશી, ઈકો-ફ્રેન્ડલી, સસ્તી, સારી અને ટકાઉ વસ્તુઓ ખરીદવાની ગુજરાતીઓની આદતને પોષવા માટેની સુવર્ણ તક વડોદરાના શહેરીજનો પાસે આવી ઊભી છે. શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા પારસી અગિયારી ગ્રાઉન્ડ ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી, 'નવા ભારતની નવી ખાદી'ને નવો આયામ આપવાના ઉદ્દેશ્ય સાથે ખાદી મહોત્સવ ચાલી રહ્યો છે. તા. ૨૨ માર્ચ સુધી ચાલનારા આ ખાદી મહોત્સવમાં મુલાકાતીઓને ખાદીના ૪૬ અને ગ્રામોદ્યોગના ૩૨ સ્ટોલ પરથી હાથથી કાંતેલા અને હાથથી વણાયેલા કપાસ, ઊન, સિલ્ક અને પોલી-કોટન ઉત્પાદનોની વિવિધતા જોવા અને ખરીદવા મળશે. સાથે જ અહીં અથાણાં, જામ, મધ, અગરબત્તી અને આયુર્વેદિક અને હર્બલ ઉત્પાદનો સહિતની દૈનિક જરૂરિયાતો માટે ગ્રામીણ ઉદ્યોગના ઉત્પાદનો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. પ્રદર્શનમાં ઉપલબ્ધ તમામ ઉત્પાદનો સ્વદેશી અને ઈકો-ફ્રેન્ડલી છે. આ પ્રદર્શનમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, બિહાર, નાગપુર અને અન્ય રાજ્યોમાંથી ખાદી સંસ્થાઓ અને ઉદ્યોગ સાહસિકો ભાગ લઈ રહ્યા છે. બિહારની પ્રખ્યાત મધુબની પેઈન્ટીંગ કે હેન્ડમેડ મહિલા પરિધાન, મહારાષ્ટ્રથી આવેલા વિવિધ પ્રકારના ઓર્ગેનિક મસાલા હોય, કે પછી એવી વસ્તુઓ અને ડિઝાઈન કે જે સામાન્ય રીતે બજારમાં જોવા નથી મળતી તેવી બધી જ પ્રકારની વસ્તુઓ આ મહોત્સવમાં મુલાકાતીઓની રાહ જોઈ રહી છે. આ ખાદી મહોત્સવથી વડોદરાના શહેરીજનોને ભાતભાતની અદ્ભૂત વસ્તુઓ તો મળી રહી છે, પરંતુ સાથે સાથે ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક કારીગરો માટે નવા બજારો પૂરા પાડવાનો આ પ્રયાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'વોકલ ફોર લોકલ'ની દ્રષ્ટિને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું પણ છે. વડોદરાના લોકોને વધુમાં વધુ સંખ્યામાં આ ખાદી પ્રદર્શનમાં આવે અને ભારતના વારસાને સ્વીકારે તેવી અપીલ કરવાની સાથે ગ્રામ વિકાસ સંઘ, વડોદરાના સેક્રેટરી શ્રી ઓમકારનાથ તિવારીએ કહ્યું કે, ખાદી ભારતની રાષ્ટ્રીય ધરોહર છે અને તેને અપનાવીને આપણે રાષ્ટ્રની સેવા કરી શકીએ છીએ. આજે જ્યારે ખાદી કાપડથી આગળ વધીને ભારતની ઓળખ બની ગઈ છે, ત્યારે સૌ વડોદરાવાસીઓએ આ ખાદી મહોત્સવની અચૂક મુલાકાત લેવી જોઈએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### PCBએ ઘરેલુ ક્રિકેટમાં ખેલાડીઓની મેચ ફીમાં ધરખમ કાપ મુકી દીધો



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૨ ।

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ એક બાજુ ચેમ્પિયન્સ ટ્રોફીની સફળ મેજબાની બદલ પોતાની પીઠ થપથપાવી રહ્યું છે ત્યારે બીજી બાજુ તેની ખરાબ હાલતના લીરેલીરા ઉડી રહ્યા છે. પીસીબીએ ચેમ્પિયન્સ ટ્રોફી ખતમ થયા બાદ ચોંકાવનારું પગલું ભર્યું છે. પીસીબીએ ઘરેલુ ક્રિકેટમાં ખેલાડીઓની મેચફીમાં ધરખમ કાપ મૂક્યો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આગામી નેશનલ ટી૨૦ ચેમ્પિયનશીપમાં ક્રિકેટરોની મેચ ફી એક લાખ રૂપિયા પ્રતિ મેચથી ઘટાડીને ૧૦ હજાર રૂપિયા પ્રતિ મેચ કરી છે. રિઝર્વ ખેલાડીઓને પ્રત્યેક મેચના ૫ હજાર રૂપિયા મળશે. આ ટુર્નામેન્ટ ૧૪ માર્ચથી શરૂ થઈ રહી છે. એટલું જ નહીં બોર્ડ ઘરેલુ ક્રિકેટના વિકાસ પર ખર્ચ ઓછો કરવા પર વિચાર કરી રહ્યું છે. મેચ ફીમાં કાપથી ખેલાડીઓની ચિંતા વધી ગઈ છે. પીસીબીના ઘરેલુ ક્રિકેટના પ્રમુખ અબ્દુલ્લા ખુર્રમ નિયાઝી ખેલાડીઓની સુવિધાઓમાં કાપ મૂકી રહ્યા છે. સૂત્રોના જણાવ્યાં મુજબ પહેલા ખેલાડીઓને ફાઈવ સ્ટાર હોટલ અને ફોર સ્ટાર હોટલોમાં રખાતા હતા પરંતુ હવે તેમને સસ્તી હોટલની રજૂઆત થઈ રહી છે. હવાઈ મુસાફરી પણ ઓછી કરાઈ છે અને ફીસ પણ ઘટાડવામાં આવી છે.

### વિલિયમસન હજુ ત્રણેય ફોર્મેટમાં રમી રહ્યો છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ જ્યાં જશ્ન મનાવી રહ્યા હતા, જ્યારે બીજી તરફ ન્યૂઝીલેન્ડના કેપ્ટન મિશેલ સેન્ટનરની આંખોમાં આંસુ હતા, જ્યારે તેના ખેલાડીઓ ભારતને ઉજવણી કરતા જોઈને દુઃખી હતા. ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવ્યા બાદ ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ પણ પોતાના મિત્ર કેન વિલિયમસન માટે દુઃખ વ્યક્ત કર્યું હતું. ત્યારબાદ એવું માનવામાં આવતું હતું કે, આ ૩૪ વર્ષનો ધાકડ બેટ્સમેન નિવૃત્તિ લઈ શકે છે. હવે આ અંગે ન્યૂઝીલેન્ડના પૂર્વ ફાસ્ટ બોલર ટિમ સાઉથીએ મોટું નિવેદન આપ્યું છે. ૩૬ વર્ષીય ન્યૂઝીલેન્ડના પૂર્વ ફાસ્ટ બોલર ટિમ સાઉથીએ કેન વિલિયમસનની નિવૃત્તિ પર કહ્યું કે, તે હજુ ત્રણેય ફોર્મેટમાં રમી રહ્યો છે અને શિયાળામાં તેની પાસે કાઉન્ટી ક્રિકેટનો કરાર પણ છે.

### પાકિસ્તાને ખરીદ્યા કરોડોના હથિયાર, ભારત માટે ટેન્શન વધ્યુ



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૨ ।

પાકિસ્તાને પોતાની ખાલી તિજોરીનો શોક વ્યક્ત કરતાં, શસ્ત્રો ખરીદવામાં એટલા બધા પૈસા ખર્ચ્યા કે તે શસ્ત્રો ખરીદનારો વિશ્વનો પમો સૌથી મોટો દેશ બની ગયો. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) ના રિપોર્ટ અનુસાર, યૂક્રેન આ યાદીમાં પ્રથમ ક્રમે છે, જે રશિયા સાથે યુદ્ધમાં છે. તે પછી ભારત બીજા સ્થાને, કતાર ત્રીજા સ્થાને, સાઉદી અરેબિયા ચોથા સ્થાને અને પાકિસ્તાન પાંચમા સ્થાને છે. SIPRI ના આ અહેવાલે પાકિસ્તાનનો પર્દાફાશ કર્યો છે, જે પહેલા પોતાની તિજોરી ખાલી હોવાનો રડતો હતો. તેનાથી ભારતનો તણાવ પણ વધ્યો છે. રિપોર્ટ અનુસાર, ૨૦૧૫-૨૦૧૯ અને ૨૦૨૦-૨૦૨૪ વચ્ચે ભારતીય શસ્ત્રોની આયાતમાં ૯.૩ ટકાનો ઘટાડો થયો છે. આ પાછળનું એક કારણ એ છે કે ભારતે શસ્ત્રો બનાવવાની ક્ષમતામાં વધારો કર્યો છે. એ પણ પ્રકાશમાં આવ્યું છે કે ભારતની રશિયા પરની નિર્ભરતા ઘટી રહી છે અને હવે તે અમેરિકા, ફ્રાન્સ અને ઈઝરાયલ જેવા દેશો પાસેથી શસ્ત્રો ખરીદી રહ્યું છે.

#### એક અહેવાલ પ્રમાણે ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા જ ગૌતમ ગંભીર ઈન્ડિયા ‘A’ ટીમ સાથે ઈંગ્લેન્ડ જઈ શકે છે

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં જીત બાદ ગૌતમ ગંભીર એક્શન મોડમાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નો ખિતાબ જીત્યા બાદ, ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓ હવે IPLની આગામી ૨૦૨૫ સીઝન માટે તૈયારીમાં વ્યસ્ત છે. જ્યારે બીજી તરફ ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર એક્શન મોડમાં આવી ગયો છે. ગંભીરે IPL બાદ ઈંગ્લેન્ડમાં યોજાનારી પાંચ ટેસ્ટ મેચની સીરિઝ માટે એક મોટું પગલું ભરવાનું મન બનાવી લીધું છે. એક અહેવાલ પ્રમાણે ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા જ ગંભીર ઈન્ડિયા ‘A’ ટીમ સાથે ઈંગ્લેન્ડ જઈ શકે છે. જેમાં તે તમામ વિકલ્પો અજમાવવા માગે છે અને ટેસ્ટ ટીમમાં ઘણા યુવાનોને તક આપી શકે છે. ટીમ ઈન્ડિયાનો ઈંગ્લેન્ડ પ્રવાસ ૨૦ જૂનથી શરૂ થઈ રહ્યો છે. પરંતુ અહેવાલ મુજબ, હેડ કોચ ગંભીર તે



પહેલાં ઈન્ડિયા ‘A’ ટીમ સાથે ઈંગ્લેન્ડ જવા રવાના થશે. જો ગંભીર ઈંગ્લેન્ડ જાય છે, તો આ પહેલીવાર હશે જ્યારે સિનિયર ટીમનો હેડ કોચ ઈન્ડિયા ‘A’ ટીમ સાથે પ્રવાસ પર જશે. BCCIના એક સૂત્રએ જણાવ્યું કે, ગંભીર આગામી બે વર્ષ માટે તમામ ફોર્મેટ માટે રોડમેપ તૈયાર કરી રહ્યો છે જે ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ સુધી ચાલુ રહેશે. આ તબક્કામાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને ૨૦૨૬ T20 વર્લ્ડ કપ પણ સામેલ હશે. સૂત્રએ જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયાથી પરત ફર્યા બાદ ગંભીર BCCI સાથે ચર્ચામાં છે. તેણે રિઝર્વ પૂલ વિશે સ્પષ્ટ જાણકારી મેળવવા માટે ઈન્ડિયા ‘A’ ટીમ સાથે ઈંગ્લેન્ડ જવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ગંભીરે કેટલાક વાઈલ્ડ કાર્ડ ખેલાડીઓ રાખવાનો આગ્રહ રાખ્યા પછી ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી, તેથી આશા છે કે તે ભવિષ્યમાં આ પર વધુ ભાર મૂકશે. ટેસ્ટ ટીમ ઈન્ડિયાની વાત કરીએ તો ગૌતમ ગંભીર હવે ઈન્ડિયા ‘A’ના ઈંગ્લેન્ડ પ્રવાસ પર રોહિત શર્માની જગ્યાએ એક મજબૂત ઓપનર શોધવા માગશે. જ્યારેમિડલ ઓર્ડરમાં પણ ટેસ્ટ ક્રિકેટમાં પણ એક સારા બેટ્સમેનની જરૂર હોય છે.

### ચેમ્પિયન્સ ટ્રોફી ફાઇનલ બાદ આઇસીસીએ જાહેર કર્યું રેન્કીંગ

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇસીસી) એ બુધવારે (૧૨ માર્ચ) લેટેસ્ટ રેન્કિંગ જાહેર કર્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ૭૬ રનની મેચ વિનિંગ ઇનિંગ રમનાર ભારતીય કેપ્ટન રોહિત શર્માને રેક્કિંગમાં ફાયદો થયો છે. તે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. શુભમન ગિલે પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. જોકે, વિરાટ કોહલીને રેન્કિંગમાં નુકસાન થયું છે. સ્પિન બોલર કુલદીપ યાદવે પણ છલાંગ લગાવી છે અને રવિન્દ્ર જાડેજા પણ ટોચના ૧૦ બોલરોમાં સામેલ થઈ ગયો છે. શુભમન ગિલે ૭૮૪ રેટિંગ પોઈન્ટ સાથે પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. પાકિસ્તાની બેટ્સમેન બાબર આઝમ ૭૭૦ રેટિંગ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. રોહિત શર્મા બે સ્થાન ઉપર આવીને પાંચમા સ્થાનેથી ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. તેને ફાઇનલમાં ૭૬ રનની ઇનિંગ રમવાનો ફાયદો મળ્યો હતો. આ ઇનિંગ માટે તેને ફાઇનલમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ મળ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં વિરાટ કોહલી ૨ બોલમાં ૧ રન બનાવીને આઉટ થયો હતો. કોહલીએ ICC રન્કિંગમાં એક સ્થાન ગુમાવ્યું છે. તે ચોથા સ્થાનથી પાંચમા સ્થાને સરકી ગયો છે. તેના ૭૩૬ રેટિંગ પોઈન્ટ છે. ભારતીય સ્પિનર કુલદીપ યાદવને પણ ICC રેક્કિંગમાં ફાયદો થયો છે. તે ૬૫૦ રેટિંગ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. અગાઉ તે છઠ્ઠા સ્થાને હતો. રવિન્દ્ર જાડેજા ૩ સ્થાન ઉપર આવીને ટોચના ૧૦ બોલરોમાં સામેલ થયા છે. પહેલા તે ૧૩મા નંબરે હતો.

#### દિલ્હીના સીએમ રેખા ગુપ્તાનું નિવેદન

# ગૃહમંત્રી સાથે બેઠક રદ કરીને અહીં આવી છું, મારી હિંમતની દાદ આપો

**રેખાએ ગઈકાલે શાલીમાર બાગમાં આયોજિત ‘હોળી મિલન’ કાર્યક્રમમાં હાજરી આપી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દિલ્હીના સીએમ રેખા ગુપ્તાને પદ સંભાળ્યાને ૨૦ દિવસ થઈ ગયા છે. મંગળવારે રાત્રે રેખા ગુપ્તા શાલીમાર બાગ ક્લબ સોસાયટીમાં હોળી મિલન કાર્યક્રમમાં પહોંચ્યા હતા. રેખા ગુપ્તાએ જ્યારથી દિલ્હીની જવાબદારી સંભાળી છે, ત્યારથી તે એક પછી એક ઝડપી નિર્ણયોને કારણે હેડલાઈન્સમાં રહ્યાં છે. હવે તે એક નિવેદન આપીને ફરી ચર્ચાનો વિષય બન્યા છે આ કાર્યક્રમ રમિયાન તેમણે કેન્દ્રીય મંત્રી અમિત શાહ અંગે મોટું નિવેદન આપ્યું હતું. દિલ્હીના સીએમ રેખા ગુપ્તાએ ગઈકાલે શાલીમાર બાગમાં આયોજિત ‘હોળી મિલન’ કાર્યક્રમમાં હાજરી આપી હતી. અહીં આપેલા તેમના નિવેદનોના કારણે ચર્ચામાં છે. સીએમ રેખા ગુપ્તાએ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે એકવાર



તેમણે ગૃહમંત્રી અમિત શાહને મળવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે આ પાછળનું કારણ સમજાવ્યું અને એમ પણ કહ્યું કે આ કરવા માટેની તેમની હિંમતની કદર કરવી જોઈએ. રેખા ગુપ્તાએ કહ્યું, ‘‘મારી પાસે ગૃહમંત્રીને મળવાનો સમય હતો પણ મેં તેમને ના પાડી દીધી. મેં કહ્યું, સાહેબ, આજે અમારા વિસ્તારમાં કાર્યકર્તાઓના ધન્યવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે અને મારે તેમાં હાજરી આપવાની છે, તેથી હું આવી શકીશ નહીં, મને બીજો કોઈ સમય આપો. તમે લોકો વિચારો મેં ગૃહમંત્રીને ના પાડી દીધી, મારી હિંમતની પ્રશંસા કરો.’’ રેખા ગુપ્તાએ આ કહ્યું કે તરત જ ત્યાં હાજર લોકો હસવા લાગ્યા હતા. રેખા ગુપ્તાએ કહ્યું કે અમે આ અંગે કેન્દ્ર સરકાર સાથે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ માટે મંગળવારે સાંજે ૫:૩૦ વાગ્યે મંત્રી સાથે મીટિંગ હતી, પરંતુ મંત્રીને થોડું કામ હતું, તેથી તેઓ ૭ વાગ્યે પહોંચ્યા. લેફ્ટનન્ટ ગવર્નર પણ ત્યાં હાજર હતા. અમે MOU પર હસ્તાક્ષર કર્યા અને તે પછી હું આ કાર્યક્રમમાં આવી છું.તેમણે વધુમાં કહ્યું કે ‘‘મને તમારા બધાની વચ્ચે રહીને આનંદ થઈ રહ્યો છે. મેં તેમને કહ્યું હતું કે કાર્યક્રમો દરરોજ યોજી શકાતા નથી.

#### સરઘસના રૂટ પર આવતી મસ્જિદોને ઢાંકી દેવાશે

# સંભલમાં હોળી પર શાહી જામા મસ્જિદ સહિત ૧૦ મસ્જિદોને તાડપત્રીથી ઢાંકવામાં આવશે

। (એજન્સી) સંભલ, તા.૧૨ ।

ઉત્તર પ્રદેશના સંભલમાં હોળીના અવસર પર સરઘસના રૂટ પર આવતી તમામ ૧૦ મસ્જિદોને તાડપત્રીથી ઢાંકી દેવામાં આવશે. આ મસ્જિદોમાં શાહી જામા મસ્જિદ પણ સામેલ છે. બુધવારે અલ્હાબાદ હાઈકોર્ટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ એટલે કે એએસઆઈને સંભલ સ્થિત જામા મસ્જિદની પેઈન્ટિંગનું કામ એક સપ્તાહની અંદર પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે. સંબંધિત પક્ષકારોને સાંભળ્યા પછી, જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે એએસઆઈને મસ્જિદની બહારની દિવાલોને રંગવા અને ત્યાં લાઈટ લગાવવાનો નિર્દેશ આપ્યો હતો. મહત્વનું છે કે કોઈપણ વિવાદથી બચવા માટે ભૂતકાળમાં પણ મસ્જિદોને તાડપત્રીથી ઢાંકી દેવાના સમાચાર આવ્યા છે. યુપીના શાહજહાંપુરમાં પણ હોળીના અવસર પર મસ્જિદો અને કબરોને તાડપત્રીથી ઢાંકી દેવામાં આવી છે. શાહજહાંપુરમાં હોળીના દિવસે લાત સાહેબનું સરઘસ કાઢવામાં આવે છે અને આ માટે શહેરની લગભગ ૬૭ મસ્જિદો અને દરગાહોને તાડપત્રથી ઢાંકવાની કામગીરી



કરવામાં આવી છે. એસપીએ કહ્યું કે શહેરની બહાર આવતા પરંપરાગત લાત સાહેબના ૧૦ કિલોમીટરના રૂટની અંદર આવતી તમામ મસ્જિદો/મઝારોને કાળા વરખ અને તાડપત્રીથી ઢાંકી દેવામાં આવી છે જેથી તેના પર હોળીના રંગો ન પડે. શાહજહાંપુરના પ્રશાસને કહ્યું છે કે બધું જૂના નિયમો મુજબ છે, તેમાં કંઈ નવું નથી. સંભલની વાત કરીએ તો અહીં પણ કોઈ વિવાદ ન થાય તે માટે હોળીના સરઘસના રૂટ પર આવતી મસ્જિદોને તાડપત્રીથી ઢાંકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દરમિયાન, શાહી જામા મસ્જિદ સમિતિએ હોળીના તહેવાર પર શુક્રવારની નમાઝના સમયને લઈને પોલીસ પ્રશાસન સાથે કોઈપણ ચર્ચાનો ઈનકાર કર્યો છે.



પોર્ટ લુઇસ, મોરેશિયસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિપક્ષના નેતા જ્યોર્જ પિયર લેસજોંગાર્ડને મળ્યા.

# હોટેલમાં ઉઝબેકિસ્તાનની મહિલાનું રહસ્યમય મોત

। (એજન્સી) લખનઉ, તા.૧૨ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના વિભૂતિખંડ વિસ્તારની એક હોટલના રૂમમાં વિદેશી મહિલાનું રહસ્યમયી મોત નીપજ્યું. પોલીસે મંગળવારે મામલાની જાણકારી આપી. પોલીસના જણાવ્યા અનુસાર ઉઝ્બેકિસ્તાનની મહિલાનો મૃતદેહ એક હોટલના રૂમથી જપ્ત થયો અને હવે પોલીસ એ જાણકારી મેળવવાનો પ્રયત્ન કરી રહી છે કે તેમનું મોત હત્યા, આત્મહત્યા કે કોઈ અન્ય કારણથી થયું છે. પોલીસના જણાવ્યા અનુસાર ઉઝબેકિસ્તાનની નાગરિક ૪૩ વર્ષીય એગંબરડીવા જેબો ૨ માર્ચે દિલ્હીના સતનામ નામના યુવક સાથે લખનૌ આવી હતી અને વિજયંતખંડ સ્થિત એક હોટલમાં રોકાયા હતાં. ૫ માર્ચે સતનામ અચાનક ગાયબ થઈ ગયો અને તે બાદ મહિલા એકલી જ હોટલમાં રહેતી હતી. હોટલ સ્ટાફે ૯ માર્ચે રૂમનો દરવાજો અંદરથી બંધ હોવાનું જાણ્યું. બૂમ પાડી પરંતુ અંદરથી કોઈ જવાબ મળ્યો નહીં. જે બાદ હોટલ કર્મચારીઓએ માસ્ટર કી થી દરવાજો ખોલ્યો. આ દરમિયાન મહિલાનો મૃતદેહ શંકાસ્પદ અવસ્થામાં પલંગ પડેલો હતો.

#### EDએ ચાર કરોડની હવેલી ટાંચમાં લીધી

# પંજાબ કોંગ્રેસના ધારાસભ્ય પર ડ્રગ તસ્કરો સાથે સંડોવણીનો આરોપ

**પંજાબમાં કોંગ્રેસ ધારાસભ્ય સુખપાલ ખૈરાના ઘરે દરોડા**

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૨ ।

એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે પંજાબમાં કોંગ્રેસ ધારાસભ્ય સુખપાલ ખૈરાના ઘરે દરોડા પાડ્યા છે. ભોલાથ બેઠક પરથી ધારાસભ્ય ખૈરા પર ડ્રગ તસ્કરો પાસેથી લેણ-દેણનો આરોપ મૂકવામાં આવ્યો છે. ઈડીએ કાર્યવાહીના ભાગરૂપે ચંદીગઢ સેક્ટર-૫ની હવેલી ટાંચમાં લીધી છે. જેની કિંમત રૂ. ૩.૮૨ કરોડ છે. ખૈરાએ ડ્રગ તસ્કર ગુરદેવ સિંહ સાથે સોદો કર્યો હોવાનો આરોપ છે. ઈડીએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી હતી. કોંગ્રેસ ધારાસભ્ય ખૈરા પર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ કેસ નોંધ્યો હતો. ૨૦૧૫ના ફાઝિલ્કા જિલ્લામાં એનડીપીએસ એક્ટ હેઠળ આ દરોડા પાડવામાં આવ્યા હતા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ખૈરાની ચંદીગઢ સ્થિત નિવાસ સ્થાનેથી ધરપકડ થઈ હતી. ઈડીએ જણાવ્યું કે, પંજાબ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં ગુરદેવ સિંહ પાસેથી કુલ ૧૮૦૦ ગ્રામ હેરોઈન, એક ૩૧૫ બોર પિસ્તોલ અને બે કારતૂસ, ૨ પાકિસ્તાની સીમકાર્ડ, એક ૩૨



બોર પિસ્તોલ અને ૨૪ બુલેટ્સ, ૨૪ સોનાના બિસ્કિટ જપ્ત કર્યા હતા. ફાઝિલ્કા કોર્ટે પોતાના આદેશમાં ગુરદેવ સિંહ ઉપરાંત અન્ય આઠની એનડીપીએસ એક્ટ, ૧૯૮૫ની વિવિધ કલમ હેઠળ દોષિત ઠેરવ્યા હતાં. ઈડીની તપાસમાં ખુલાસો થયો કે, સુખપાલ સિંહ ખૈરાએ આંતરરાષ્ટ્રીય ડ્રગ સિંડિકેટ દ્વારા ગુરદેવ સિંહ અને તેના વિદેશી સહયોગીઓ પાસેથી પ્રાપ્ત રૂ. ૩.૮૨ કરોડ મેળવ્યા હતા. જેનો ઉપયોગ ચૂંટણી પ્રચારમાં કર્યો હતો. સુખપાલ ખૈરાએ ફેસબુક પર પોસ્ટ કરી ઈડીની આ કાર્યવાહીને ખોટી ઠેરવી છે. તેમણે કહ્યું કે, મને પણ મીડિયા પાસેથી જાણવા મળ્યું કે, ઈડીએ મારૂ ચંદીગઢ સ્થિત ઘર ટાંચમાં લીધું છે. હું સ્પષ્ટતા કરૂ છું કે, મને આ અંગે કોઈ માહિતી નથઈ. ઈડી કે કોઈ અન્ય સરકારી સ્ત્રોતોએ આ મામલે મને કોઈ નોટિસ આપી નથી.

#### ફુગાવામાં પણ ઘટાડાની શક્યતા : મૂડીઝ

# ભારતનો GDP આગામી વર્ષે ૬.૫ ટકાના દરે ગ્રોથ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

આગામી નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬)માં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) ગ્રોથ ૬.૫ ટકાથી વધુ રહેવાનો અંદાજ મૂડીઝ રેટિંગ્સે આપ્યો છે. ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થા ૬.૩ ટકાના દરે વધવાનો અંદાજ છે. મૂડીઝે બુધવારે જણાવ્યું હતું કે, સરકારી મૂડી ખર્ચમાં વધારો, કરવેરા અને વ્યાજદરમાં ઘટાડાથી વપરાશમાં વધારો થશે, પરિણામે આગામી નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર વધુ ઝડપી ગતિએ વૃદ્ધિ પામશે. બેક્કિંગ સેક્ટર માટે સ્થિર દૃષ્ટિકોણનો અંદાજ આપતાં મૂડીઝે જણાવ્યું હતું કે આગામી નાણાકીય વર્ષમાં ભારતીય બેક્કોનું સંચાલન સાનુકૂળ રહેશે.

હાલના વર્ષોમાં નોંધાયેલા નોંધપાત્ર સુધારાઓના કારણે એસેટ ક્વોલિટીમાં નજીવો ઘટાડો જોવા મળશે. રેટિંગ એજન્સી મૂડીઝે જણાવ્યું હતું કે, ગેરેંટી વિનાની રિટેલ લોન, માઈક્રો ફાઈનાન્સ લોન અને નાના બિઝનેસ લોન પર અમુક પ્રેશર જોવા મળી શકે છે. બેક્કોની નફાકારકતા જળવાઈ રહેશે. કારણકે, એનઆઈએમમાં નજીવો ઘટાડો થવાની સંભાવના છે. મૂડીઝે જણાવ્યું કે, ૨૦૨૪ના મધ્યમાં એક અસ્થાયી ઘટાડા બાદ ભારતનો આર્થિક ગ્રોથ ફરી ઝડપથી વધવાનો અંદાજ છે. ભારત આ ગ્રોથ સાથે વૈશ્વિક સ્તર પર ઝડપથી વિકસતુ અર્થતંત્ર બનશે. સરકારી મૂડી ખર્ચ અને વપરાશમાં વધારો કરવા મધ્યમ વર્ગને કરવેરામાં રાહત અને નાણાકીય સુગમતા પ્રદાન કરવા ભારતનો રિઅલ જીડીપી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૬.૫ ટકાથી વધુ રહેશે. ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી ૬.૩ ટકા રહેવાનો અંદાજ છે. નાણા મંત્રાલયની આર્થિક સમીક્ષામાં, આગામી નાણાકીય વર્ષ માટે જીડીપી ગ્રોથ ૬.૩-૬.૮ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. સત્તાવાર અનુમાન મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ ૬.૫ ટકા રહેશે. દેશનો રિઅલ જીડીપી ગ્રોથ જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૪ ત્રિમાસિકમાં ઘટી ૫.૬ ટકા થયો હતો, જે આગામી ત્રિમાસિકમાં વધીને ૬.૨ ટકા થયો હતો. મૂડીઝને અપેક્ષા છે કે ભારતનો સરેરાશ ફુગાવો ગયા વર્ષના ૪.૮ ટકાથી ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૪.૫ ટકા થશે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**વિવિધ ઇલેક્ટ્રીકલ કાર્યો**

**ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ (કન્સ્ટ્રક્શન); ઇ-ટેન્ડર નોટિસ નં.: EL/C/ADI/TRD&GS/44 R/2024-25; (1) કામનું નામ તેના સ્થાન સાથે:** પશ્ચિમ રેલવેના અમદાવાદ (ADI) ડિવિઝનના સાબરમતી Aથી અસારવા વચ્ચે "Y" કનેક્ટિવિટીના સંદર્ભમાં 25 KV AC OHE સિસ્ટમ અને સામાન્ય સેવાઓની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન અને પરીક્ષણ; **(2) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 1,31,49,958.50/-; **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મની:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(4) બિડ જમા કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(5) ટેન્ડર ફી:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(6) કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો:** 12 મહિના; **(7) વેબસાઈટની વિગતો અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું:** www.ireps.gov.in નોટિસ બોર્ડ અને ડે. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) ની ઓફીસ, પશ્ચિમ રેલ્વે, નિર્માણ ભવન-અસારવા, અમદાવાદ (ગુજરાત- 382345) 130

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# પાકિસ્તાની સેના આતંકવાદીઓ સામે લાચાર દેખાઈ રહી છે

૧૧ માર્ચની બપોરે, બલૂચિસ્તાન લિબરેશન આર્મીના આતંકવાદીઓએ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતના બોલાન પાસના ધાદર વિસ્તારમાં હુમલો કર્યો અને ૪૫૦ મુસાફરોને લઈ જતી જાફર એક્સપ્રેસ ટ્રેનને હાઈજેક કરી. આ ઘટનાને ૨૪ કલાકથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ હજુ સુધી પાકિસ્તાની સેના આતંકવાદીઓ સામે લાચાર દેખાઈ રહી છે. બલૂચ આતંકવાદીઓ દ્વારા લગભગ ૨૦૦ પ્રવાસીઓને પહાડીઓમાં બંધક બનાવીને રાખવામાં આવ્યા છે. આતંકવાદીઓ સાથેની અથડામણમાં પાકિસ્તાની સેનાના ઓછામાં ઓછા ૯ જવાનો શહીદ થયા છે. જવાબમાં સેનાએ ૨૭ આતંકીઓને ઠાર કર્યા છે. બલૂચ આતંકવાદીઓએ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા વૃદ્ધ નાગરિકો, મહિલાઓ અને બાળકોને છોડી દીધા છે. ટ્રેન હાઈજેકમાંથી બચી ગયેલા મુસાફરોએ આ ભયાનક ઘટનાની આપવીતી શેર કરી છે. નવ ડબ્બાવાળી ક્વેટા-પેશાવર પેસેન્જર ટ્રેન જાફર એક્સપ્રેસ પર હુમલો થયો ત્યારે તેમાં ૪૦૦થી વધુ મુસાફરો સવાર હતા. પહેલા આતંકવાદીઓએ સુરંગ વિસ્ફોટ કરીને ટ્રેનને રોકી અને તેમાં સવાર લોકોને બંધક બનાવ્યા. પાકિસ્તાની સૈન્ય સૂત્રોનું કહેવું છે કે બુધવારે સવાર સુધી ૧૫૫ મુસાફરોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે મીડિયાને જારી કરેલા નિવેદનમાં દાવો કર્યો હતો કે વૃદ્ધ નાગરિકો, મહિલાઓ અને બાળકોને બચાવી લેવામાં આવ્યા છે. ટ્રેનમાં બાકીના મુસાફરો વિશે હજુ પણ કોઈ પુષ્ટિ થઈ નથી. આતંકવાદીઓની ચુંગાલમાંથી છટકી ગયેલા મુસાફરોએ પોતાની અગ્નિપરીક્ષાનું વર્ણન કરતા કહ્યું કે આતંકવાદીઓએ અમને બંદૂકની અણી પર છોડી દીધા. મુશ્તાક મુહમ્મદ નામના એક મુસાફરે મીડિયા સાથે વાતચીત કરતી વખતે કહ્યું હતું કે, આતંકવાદીઓએ અમને કહ્યું કે તેઓ મહિલાઓ, બાળકો અને વૃદ્ધ મુસાફરોને મુક્ત કરી રહ્યા છે. પાછળ વળીને જોશો નહીં. અહીંથી દૂર જાઓ. બીજી તરફ, ગૃહ રાજ્ય મંત્રી તલાલ ચૌધરીએ કહ્યું કે, ઉગ્રવાદીઓ ઘણા પ્રવાસીઓને તેમની સાથે પર્વતો પર લઈ ગયા છે. મુશ્તાક મુહમ્મદે ટ્રેન હાઈજેક વિષે જણાવ્યું હતું કે, હુમલાની શરૂઆત મોટા બ્લાસ્ટ સાથે થઈ હતી. ત્યારબાદ ગોળીબાર શરૂ થયો. એક કલાક સુધી ફાયરિંગ ચાલુ રહ્યું. આ ફાયરિંગ દરમિયાન એક એવું દ્રશ્ય હતું જે ક્યારેય ભૂલી શકાતું નથી. હાઈજેક કરનાર લોકો એકબીજા સાથે બલોચીમાં વાતચીત કરી રહ્યા હતા. તેમના નેતા વારંવાર તેમને કહી રહ્યા હતા કે, સુરક્ષા કર્મચારીઓ પર ખાસ નજર રાખો, આ હાથમાંથી બહાર ન જવું જોઈએ.

## કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી. આર. પાટીલે ગંગા સંરક્ષણ પર ઇટીએફની ૧૪મી બેઠકની અધ્યક્ષતા કરી

કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે ગંગા સંરક્ષણ પર એમ્પાવર્ડ ટાસ્ક ફોર્સ (ઈટીએફ)ની ૧૪મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેમાં સંકલિત અને ટેકનોલોજી-સંચાલિત અભિગમ મારફતે નદીને સ્વચ્છ અને વધારે સ્થાયી બનાવવાની સરકારની કટિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી. તેમણે ગંગાને નવજીવન આપવાનાં પોતાનાં વિઝન પર ભાર મૂકીને વિવિધ પ્રોજેક્ટનાં સમયસર અમલીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રદૂષણ નિયંત્રણ માટે કડક પગલાં લેવાની જરૂર હતી અને આંતર-મંત્રાલય સંકલન વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે લાંબા ગાળાની સ્થિરતા હાંસલ કરવા માટે જીઓસ્પેશ્યલ ટેકનોલોજી, રિયલ-ટાઇમ મોનિટરિંગ સિસ્ટમ અને નવીન સંરક્ષણ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ઈકોલોજીકલ જાળવણી સાથે વિકાસને સંતુલિત કરવા, નદી સંરક્ષણના પ્રયાસો આજીવિકા, જૈવવિવિધતા અને સાંસ્કૃતિક વારસાને ટેકો આપે તે સુનિશ્ચિત કરવા સરકારના સંકલ્પનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. આ બેઠકમાં કેન્દ્રીય જલ શક્તિ રાજ રાજ્યમંત્રી ભૂષણ ચૌધરી સહિત વિભિન્ન મંત્રાલયો અને રાજ્ય સરકારોના મુખ્ય હિતધારકોને એકઠા કરવામાં આવ્યા હતા. નમામિ ગંગેના પ્રોજેક્ટ્સ અને સિદ્ધિઓની સમીક્ષા, કેન્દ્રીય મંત્રીએ નમામિ ગંગે મિશન હેઠળ ૪૯૨ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી હતી. જેમાં ૧૦ રાજ્યોમાં કુલ રૂ. ૪૦,૧૨૧ કરોડનો ખર્ચ થયો હતો અને આ મિશનની નદીને પુનર્જીવિત કરવા અને તેના ઈકોલોજિકલ સ્વાસ્થ્યને વધારવામાં નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, રૂ. ૧૯,૪૭૮ કરોડનાં મૂલ્યનાં ૩૦૭ પ્રોજેક્ટ પૂર્ણ થયાં છે. જે પાણીની ગુણવત્તા અને પ્રદૂષણ નિયંત્રણને સુધારવામાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. મંત્રીએ સુએઝ ટ્રીટમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર વિશેષ ધ્યાન આપતા જણાવ્યું હતું કે, ૩,૩૪૬ એમએલડી સુએઝ ટ્રીટમેન્ટ ક્ષમતા ઊભી કરવામાં આવી છે અને નદીમાં ટ્રીટેડ ગંદા પાણીનો નિકાલ અટકાવવા માટે ૪,૫૪૩ કિ.મી.નું સુએઝ નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ પ્રયાસો પ્રદૂષણ નિયંત્રણ વ્યવસ્થાને મજબૂત કરવા અને ગંગાની ઈકોસિસ્ટમનાં લાંબા ગાળાનાં સ્થાયીત્વને સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ છે. પર્યાવરણીય પ્રવાહ (ઈ-ફ્લો) ગંગા તટપ્રદેશમાં અનુપાલન, ઈટીએફે દેવપ્રયાગથી હરિદ્વાર અને ઉત્તરપ્રદેશમાં ઉન્નાવ જિલ્લા સુધી નિયંત્રિત પાણીનો પ્રવાહ સુનિશ્ચિત કરવા માટે ૨૦૧૮નાં ગેઝેટ નોટિફિકેશનમાં આદેશ મુજબ પર્યાવરણીય પ્રવાહ (ઈ-ફ્લો)નાં નિયમોનું પાલન કરવાનું મૂલ્યાંકન કર્યું હતું. યમુના, રામગંગા, સોન, દામોદર, ચંબલ અને ટોસ નદીઓ માટે ઈ-ફ્લો મૂલ્યાંકન પરના અભ્યાસો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૮નાં ગેઝેટ નોટિફિકેશનમાં ફરજિયાત સ્વરૂપે પર્યાવરણીય પ્રવાહ (ઈ-ફ્લો)નાં નિયમોનાં પાલનની સમીક્ષા કરી હતી. જેમાં ગંગાની ઈકોલોજિકલ અખંડિતતા જાળવવાની સરકારની કટિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ યમુના, રામગંગા, સોન, દામોદર, ચંબલ અને ટોસ સહિતની મુખ્ય નદી પ્રણાલીઓ માટે ચાવીરૂપ ઈ-ફ્લો મૂલ્યાંકનની પણ સમીક્ષા કરી હતી. જેણે ભારતના નદીઓના તટપ્રદેશોમાં વૈજ્ઞાનિક જળ વ્યવસ્થાપનને વિસ્તૃત કરવાના સરકારના સંકલ્પને મજબૂત કર્યો હતો. કડક ઔદ્યોગિક પ્રદૂષણ સર્વેલન્સ અને રિડક્શન, મંત્રીએ નમામી ગંગે મિશન અંતર્ગત ઔદ્યોગિક પ્રદૂષણને રોકવાના પ્રયાસોની વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી. જેમાં પ્રદૂષણ મુક્ત ગંગા પ્રત્યે સરકારની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં સાતમા રાઉન્ડના નિરીક્ષણના પરિણામો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેમાં ગંગા બેસિનમાં ૪,૨૪૬ અત્યંત પ્રદૂષિત ઉદ્યોગો (જીપીઆઈ)ને આવરી લેવામાં આવ્યા હતા.

**આપણે સૌ તો હોળીની પૌરાણિક કથાથી વાકેફ છીએ, એટલે કે હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહલાદ નાનપણથી જ વિષ્ણુ ભક્ત હતો**

# આ વખતે વિષ્ટિ (ભદ્રા) કરણ હોવાથી હોલીકા દહનનાં મુહુર્ત વિશે મતમતાંતર છે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આ વખતે હોળી ધૂળેટીના તહેવારની તિથિમાં અસમંજસતા છે, એટલે કે ૧૩ તારીખે ૧૦.૩૦ પછી પૂનમ શરૂ થાય છે અને એ ઉપરાંત ભદ્રાનું વિષ્ટિ કરણ પણ છે! એટલે હોલીકા દહન મોડી રાત્રે કરવું એવો જ્યોતિષ શાસ્ત્ર અનુરોધ કરે છે, જોકે મારી રુચિનો એ વિષય નથી! કારણકે પ્રકૃતિની પ્રત્યેક હરકત શુભ મંગલની જ વર્ષા કરી રહી છે!**



આજે ફાગણ સુદ પુનમ એટલેકે હોળીનો તહેવાર છે અને આ વખતે વિદેશમાં હોવાથી હોળી ધૂળેટી જેવું કંઈ લાગવાનું નથી! જોકે એક જગ્યાએ થવાનું છે! પણ શનિ રવિ માં! હવે અહીં પણ ઈન્ડિયન વધતાં જતાં ક્યાંક ક્યાંક આપણા મુખ્ય મુખ્ય ત્યોહાર ને ઉજવે છે! જોકે આમપણ હવે વૈરાગ્યના સાત્વિક રંગ તરફ ગતિ કરવાની હોય, એટલે જે થાય તે સારું! પણ એક મહિનાની નાની ઢીંગલી ને હોળીની પૌરાણિક કથાની વાર્તા જરૂર કીધી! અને એ પણ બધું સમજતી હોય એમ વાર્તા હાલરડાં ને ભજન સાંભળી આ સમય માણે છે! જે આપણાથી થતું નથી! એટલે કે સમયને માણતાં આવડી જાય તો અડધી જંગ ખતમ થઈ જાય! ખેર વિષય તરફ આગળ વધીએ. આપણે સૌ તો હોળીની પૌરાણિક કથાથી વાકેફ છીએ, એટલે કે હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહલાદ નાનપણથી જ વિષ્ણુ ભક્ત હતો, અને તેને તેની પર અતૂટ શ્રદ્ધા હતી.

જ્યારે હિરણ્યકશ્યપ એટલે એક દાનવ કુળમાંથી હતો, અને રાક્ષસી વિચાર ધારા હોવાથી, તે પોતાની જાતથી વધુ કોઈ શ્રેષ્ઠ છે, એવું સ્વીકારી શકતો નહીં. તેણે પોતાના પુત્રને પણ કહ્યું કે ભગવાન જેવું કંઈ હોતું નથી, તું મને સંસારનો શ્રેષ્ઠ માની અને મારી ભક્તિ કર, એટલે કે મારા કહ્યા મુજબ તું જીવ. પરંતુ પ્રહલાદે તેની વાત માની નહીં, અને એને કારણે હિરણ્યકશ્યપ એ પોતાના સગા પુત્ર ને મારવાં માટે ખૂબ બધી કોશિશ કરી, અને છતાં તે કામયાબ થયો નહીં, ત્યારે તેની બહેન હોલિકા કે જેને અગ્નિ બાળે નહીં તેવું વરદાન હતું, તેણે કહ્યું કે ભાઈ હું એને મારા ખોળામાં લઈ અને અગ્નિ ઉપર બેસીશ એટલે તે ભસ્મ થઈ જશે. પરંતુ એવું કંઈ થયું નહીં, હોલિકા ને વરદાન હોવા છતાં તે બચી નહીં, અને ભક્ત પ્રહલાદ આબાદ રીતે બચી ગયો,અને એટલે આ દિવસ હોલિકા દહન ને નામે ઓળખાય છે, અને સત્ય હનો વિજય થયો એટલે બીજા દિવસને ધૂળેટી તરીકે ઉજવવામાં આવે છે. પહેલા રાજાઓ ઘણી રાણી રાખતાં હતાં, અને હિરણ્ય કશ્યપને પણ ઘણી રાણી હતી. એમાંની એક રાણી ના પુત્ર તરીકે ભક્ત પ્રહલાદનો જન્મ થયો. માનીતી અને અણમાનીતી રાણી તરીકે ઓળખાતી આ સ્ત્રીઓ પાસે ઘણી વાર તો રાજા એકવાર જાય, અને પછી ક્યારેય જાય પણ નહીં. એ જ રીતે પ્રહલાદની માતા પાસે પણ તેના પિતા આવતા ન હતાં, અને તેની માતા દુઃખી થઈ જતી.

પોતાની માતાનું દુખ જોઈ ભક્ત પ્રહલાદ, ભગવાન તે આવું શું કામ કર્યું એમ પ્રાર્થના અથવા તો ફરિયાદી સંવાદથી ભગવાન સાથે જોડાયાં, અને પછી તો નાની-મોટી બધી જ વાત તે ભગવાનને કહેતાં, અને તેનું નિત્ય સ્મરણ કરતાં. તેનાથી તેને ઘણું સારું લાગતું અને તેની મુસીબત સમયે ભગવાન તેની મદદ કરતાં. આ ઉપરથી તેને ભગવાન નામનું કોઈ તત્વ છે, અને તે કાયમ મારી રક્ષા કરે છે, તેવો ભરોસો દ્રઢ થઈ ગયો હતો, અને આપણે સૌ જાણીએ છીએ, તેમ ભક્ત પ્રહલાદના રક્ષણ અને ભગવાન કણકણમાં છે,એ સત્ય પુરવાર કરવા માટે ભગવાને નૃસિંહ સ્વરૂપ ધારણ કર્યું અને હિરણ્યકશ્યપનો વધ કર્યો. આ વખતે હોળી ધૂળેટીના તહેવારની તિથિમાં અસમંજસતા છે, એટલે કે ૧૩ તારીખે ૧૦.૩૦ પછી પૂનમ શરૂ થાય છે અને એ ઉપરાંત ભદ્રાનું વિષ્ટિ કરણ પણ છે! એટલે હોલીકા દહન મોડી રાત્રે કરવું એવો જ્યોતિષ શાસ્ત્ર અનુરોધ કરે છે. જોકે મારી રુચિનો એ વિષય નથી! કારણકે પ્રકૃતિની પ્રત્યેક હરકત શુભ મંગલની જ વર્ષા કરી રહી છે! અને ગ્રહ કે ગ્રહદશા આપણું કંઈ ખરાબ કરી શકે એમ નથી! કારણકે આપણે હાથે જ આપણું ખરાબ કરવા પર તુલ્યા છીએ. પણ વિષ્ટિ છે શું? તો સૂર્ય દેવનાં પત્ની રાંદલ મા પોતાના પતિના અતિ તાપને સહન કરી શકતા નહોતા એટલે પોતાના છાંયા સ્વરૂપને પોતાના પતિ સૂર્યદેવ પાસે રાખીને પિયર ચાલ્યા ગયાં! અને આ છાંયા સ્વરૂપ પર મોહિત થયેલા સૂર્ય દેવને ભદ્રા અને શનિ એમ બે સંતાન થયાં! ભદ્રાનું રુપ કદરુપુ હતું! એટલે કે આગળના બે દાંત મોટા, રંગે અંત્યંત શ્યામ! અને તેને કોઈ પસંદ કરતું નહોતું!

હકીકતમાં આ બંનેનો જન્મ પૃથ્વી પરથી પાપને ખત્મ કરવા માટે થયો હતો! પણ ભદ્રા અકારણ બધાનો વિનાશ કરવા લાગી ત્યારે! સૂર્યદેવ બ્રહ્માજી પાસે ગયા અને એમણે તેને સમજાવી કે! તારે માત્ર પાપનો જ વિનાશ કરવાનો છે, ત્યારે એણે કહ્યું કે! પ્રકૃતિ એ અમને આટલી કુરુપતા આપી અન્યાય કર્યો છે, એટલે હું પ્રકૃતિ રુપે પૃથ્વી નો વિનાશ કરીશ ! આમ તે પોતાના સ્વભાવથી જ દૂષિત હતી અને એને પરિણામે એ વિનાશ કરવાનું રોકી શકી નહીં! ત્યારે બ્રહ્માજીએ તેને કરણમાં સ્થાન આપ્યું! હવે કરણ એટલે શું? હિન્દુ પંચાંગના જેને મુખ્ય પાંચ અંગ માનવામાં આવે છે! તિથિ, વાર, યોગ, નક્ષત્ર, અને કરણ ! એમાં કરણ એ તિથિ નો અડધો હિસ્સો છે. બ્રહ્માજીએ ભદ્રા ને કહ્યું કે જ્યારે જ્યારે ભદ્રા એટલે કે વિષ્ટિ કરણ આવે અને છતાં લોકો એમાં શુભ કાર્ય કરે, તો જ તારે વિઘ્ન નાખવું! અને એટલે આપણે ત્યાં પંચાંગમાં શુભ અશુભ મુહર્ત ને મહત્વ અપાયું છે! કારણકે ભદ્રા તો વિનાશકારી સ્વભાવની છે અને વિનાશ કરવા તૈયાર જ બેઠી છે!

જોકે ગુરુવાર અને રવિવારની ભદ્રા ને કલ્યાણી કહેવાય છે. વિષ્ટિ નો મુખનો ભાગ બહું પ્રકોપકારી હોય છે, જ્યારે પૂંછ નો ભાગ એટલો અશુભ માનવામાં આવતો નથી, એટલે રાત્રે ૮.૩૦ પછી હોલી પ્રગટાવી શકાય એમ કેટલાક નું કહેવું છે. તો થઈ વાત શાસ્ત્રીય રીતે હોલીકા દહન ક્યારે કરવું એની! બાકી હોલી આપણા શરીરનાં આંતર બાહ્ય સ્વરૂપને શુદ્ધ કરવા માટે છે! એટલે એમાં તપીને હોલીકા જેવા અન્ય ને નુકશાન કરનારા ભાવને બાળી અને પ્રહલાદ જેમ શુદ્ધ સાત્વિક ભાવની પૃષ્ટિ કરવાની છે!

કૃષિ શાસ્ત્ર મુજબ પણ હોલી નું પૂજન કરી વિપુલ પ્રમાણમાં માનવ જાતને સંતોષ થાય એવું ધાન્ય એટલે અનાજના પાક ઉતરે એવું માંગવામાં આવે છે. ભક્ત પ્રહલાદ બહુ નાની ઉંમરમાં ભગવાન પરનનો ભરોસો, રોજ એની સાથે સંવાદ કરીને જ મેળવી શક્યા. તો આપણે સૌ પણ પૂજા વિધિ નામે થતા વધુ પડતાં આગ્રહો કે પ્રપંચો ને છોડી, એની સાથે બિલકુલ પોતીકું સ્વજન હોય એમ સંવાદ એટલે કે વાતચીત કરીને, આ ભક્તિનો સાચો ભાવ કેળવી શકીએ છીએ,અને ભક્ત ભગવાનનો સંબંધ વધુ મજબૂત બનાવી શકીએ છીએ. તો હું ને તમે આપણે સૌ પૂજાને માત્ર દ્રવ્ય કે અન્ય કોઈ સાધન માં સીમિત ન કરીએ. પરંતુ આપણો ભાવ ઉપર બેઠેલા એ ઈશ્વર તત્વ સુધી અગરબત્તીની જેમ પહોંચે,અને એને આપણો એ સુગંધિત પ્રેમ આકર્ષી શકે, એવું કંઈક કરી શકીએ તો આ હોળી એ થોડાં શુદ્ધ અને સાત્વિક થઈ શકીએ. જય સીયારામ.

**આપણે ભગવદ્ ગીતાના એક એક અધ્યાયમાં જીવન જીવવાની કળા છે, તેમાં કહયું છે કે જે ઉપયોગી છે તે પણ મૂલ્યવાન છે**

# માણસ ફક્ત તેના કાર્યોનો હિસાબ રાખી શકે છે પરંતુ તેના પરિણામો જાહેર કરી શકતો નથી કારણ કે તે અધિકાર ફક્ત આ પ્રકૃતિ પાસે જ અનામત છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જે પોતાના માટે જીવે છે તેના પર કોઈ ધ્યાન આપતું નથી, પરંતુ જ્યારે તમે બીજા માટે જીવતા શીખો છો ત્યારે તેઓ પણ તમારા માટે જીવવા લાગે છે, વૃક્ષો ત્યારે જ આપણને ફળ આપી શકે છે જ્યારે આપણે તેમની યોગ્ય કાળજી લઈએ, તેમને ખાતર, પાણી સમયાંતરે આપીએ અને તેમની યોગ્ય કાળજી લઈએ.**

સીઈબીએસસી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ લગભગ પુરી થઈ રહી છે બીજી બાજુ કાળઝાળ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે પાણી અને વૃક્ષોનું મહત્વ સમજમાં આવી રહ્યું છે પણ તેને બચાવવા પ્રયત્ન થતો નથી જે બાબતે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવે. હોળી ધૂળેટીના તહેવાર સાથે રમજાન માસ પણ ચાલે છે તો સૌ જળ વૃક્ષના જતનનો સંકલ્પ કરીએ. આપણે ભગવદ્ ગીતાના એક એક અધ્યાયમાં જીવન જીવવાની કળા છે. તેમાં કહયું છે કે જે ઉપયોગી છે તે પણ મૂલ્યવાન છે, આ કુદરતનો સનાતન નિયમ છે. જો તમારું જીવન કેરી જેવા મીઠા ફળ વહેંચવાનું હોય તો દરેક વ્યક્તિ તમારી સેવા કરવા અને રક્ષણ કરવા તત્પર રહેશે અને જો તમારું જીવન બીજાને બાવળની જેમ પીવડાવવાનું હોય તો દરેક તમારી અવગણના કરશે. જે પોતાના માટે જીવે છે તેના પર કોઈ ધ્યાન આપતું નથી,પરંતુ જ્યારે તમે બીજા માટે જીવતા શીખો છો ત્યારે તેઓ પણ તમારા માટે જીવવા લાગે છે. વૃક્ષો ત્યારે જ આપણને ફળ આપી શકે છે જ્યારે આપણે તેમની યોગ્ય કાળજી લઈએ, તેમને ખાતર, પાણી સમયાંતરે આપીએ અને તેમની યોગ્ય કાળજી લઈએ. એ જ રીતે સમાજમાં પણ જ્યાં સુધી આપણું જીવન દાન અને પરોપકારમાં વ્યસ્ત રહેશે ત્યાં સુધી આપણી પ્રતિષ્ઠા અકબંધ રહેશે અને આપણી ઉપયોગીતા પણ જળવાઈ રહેશે.દાન કરવાથી જ પ્રતિષ્ઠા વધે છે.તમે બીજા માટે સારું વિચારો, તમે બીજા માટે જીવતા શીખો, હજારો લાખો હોઠ દરરોજ તમારા માટે પ્રાર્થના કરવા આતુર હશે. ધો.૧૦-૧૨ની પરીક્ષાઓ પુરી



થઈ શાળાકીય અને કોલેજ કક્ષાની પરીક્ષાઓ હવે શરૂ થશે ત્યારે વાંચન કયાં આ એક પ્રશ્ર્ન આપણા સૌના હદય મનમાં સળવળાટ કરતો હતો ત્યાં આ એક સરસ વાત રજૂ કરવાનું મન થયું. એક ખેતરના ખૂણા પર મકાન બનાવીને એક કુટુંબ રહેતું હતું.

માં-બાપ, દાદાજી, તેમનો પૌત્ર. મા-બાપ રોજે મજુરી ઉપર નીકળી જતા, અને ઘરે દાદાજી અને દસ વરસનો પૌત્ર જ રહેતા. દાદાજી રોજે સવારે વહેલા ઉઠીને બારી પાસે મુકેલી ખુરશી પર બેસીને પુસ્તકો વાંચતા રહેતા. એક દિવસ પૌત્રએ પૂછ્યું: "દાદા.. હું તમારી જેમ જ ચોપડી વાંચવા નો પ્રયત્ન કરું છું, પણ હું તેમાં કંઈ સમજતું નથી. અને હું જે કંઈ પણ સમજુ છું એ એક-બે દિવસમાં ભૂલી જાઉં છું.ઘણીવાર તો બુક બંધ કરુંને પાછળ બધું ભુલાઈ જાય છે. તમે પણ બધું ભૂલી જાઓ છો.તો પછી પુસ્તકો અને કહાનીઓ વાંચવાનો મતલબ શું?" દાદાજી હસ્યા, અને ઉભા થઈને રસોડામાં ગયા અને લોટ ચાળવા ની ગંદી ચારણી લઈને આવ્યા. પોતાના પૌત્રને કહ્યું: "આ ચારણી લે, અને બહાર ખેતરમાં જતા પાણીના ધોરીયામાંથી ચારણી ભરીને લેતો આવ. મારે આ ચારણીમાં સમાય એટલું પાણી જોઈએ છે." દીકરાને જેમ કહેલું તેમ કર્યું, પરંતુ ચારણી ભરીને દોડતો દાદાજી પાસે આવ્યો એ પહેલા જ ચારણીના કાણાઓમાંથી બધું પાણી લીક થઈ ગયું. દાદાજી હસ્યા અને કહ્યું: "બીજી વાર ભરતો આવ, પરંતુ આ વખતે ઝડપથી દોડીને આવજે." દીકરો બીજી વાર ગયો, પણ ફરીથી તે દાદાજી પાસે પહોંચે એ પહેલા ચારણી ખાલી હતી! હાંફતા-હાંફતા તેણે દાદાજીને કહ્યું કે આ ચારણીમાં તો પાણી ભરીને લાવવું અશક્ય લાગે છે. હું એક ગ્લાસમાં કે લોટામાં ભરતો આવું. પરંતુ દાદાજી કહે: "ના. મારે આ ચારણીમાં સમાય એટલું પાણી જ પીવું છે! મને લાગે છે તું સરખી કોશિશ નથી કરી રહ્યો." છોકરો ફરી બહાર ગયો,અને પૂરી ઝડપ થી દોડતો આવ્યો, પણ ચારણી ફરી ખાલી જ હતી! થાકીને જમીન પર બેસીને દાદાજીને તેણે કહ્યું: "દાદા...કહું છું ને... આ નકામું છે. ના ચાલે." "ઓહ... તો તને લાગે છે કે આ નકામું કામ છે?" દાદાજીએ કહ્યું, "તું એકવાર ચારણી સામે તો જો. છોકરાએ ચારણીને જોઈ અને પહેલીવાર તેણે જોયું કે ચારણી બદલાઈ ગઈ હતી. તે જુના ગંદી ચારણીમાંથી ધોવાયેલી, ચોખ્ખી, ચળકતી ચારણી બની ગઈ હતી. તેના દરેક મેલ ધોવાઈ ગયા હતા. દાદાજીએ હસીને કહ્યું:"બેટા... જયારે તમે પુસ્તકો વાંચો ત્યારે આવું થાય છે.તું કદાચ બધું સમજે નહી, કે બધું યાદ ન રહે, પરંતુ જયારે તમે વાંચો, ત્યારે તમે બદલાતા હોય છો.અંદર અને બહાર પણ. કોઈ પણ કહાની કે કોઈ સારી વાત તમને અંદરથી થોડા ધોઈ નાખે છે, અને તમારો મેલ દુર કરે છે." આપણે એક ટુંકી વાત જોઈ ભગવદ્ ગીતામાં કહયું છે કે જે લોકો બીજાનું ભલું કર્યા પછી ભૂલી જાય છે તેમનો હિસાબ કુદરત પોતે જ યાદ રાખે છે, પરંતુ જે લોકો આદત પૂર્વક પોતાના સારા કાર્યોનો ચોપડો લઈને ફરે છે તેમના સારા કાર્યો આ સ્વભાવથી ભૂલી જાય છે.તમારા ગુણોની વધુ પડતી અભિમાન કરવાથી તમારા ગુણોનું ફળ નાશ પામે છે. તમારા દ્વારા આ જીવનમાં જે પણ પુણ્ય કર્મો કરવામાં આવે છે, તેને સાચા માની લો, આ પ્રકૃતિ ચોક્કસપણે તેમને સંચિત કરે છે અને જ્યારે જરૂર પડે છે, તમારી ભૂલ હોવા છતાં, તે ચોક્કસપણે યોગ્ય પરિણામ આપે છે. યાદ રાખો, માણસ ફક્ત તેના કાર્યોનો હિસાબ રાખી શકે છે પરંતુ તેના પરિણામો જાહેર કરી શકતો નથી કારણ કે તે અધિકાર ફક્ત આ પ્રકૃતિ પાસે જ અનામત છે. સારું કરો અને ભૂલી જાઓ કે જ્યારે સમય આવશે, ત્યારે કુદરત પોતે જ તમને બદલો આપશે. આ લેખ "આયુષ્ય અને કુદરતઃ કાર્યો અને પરિણામો" વિષય પર આધારિત છે. લેખમાં વ્યાખ્યાયિત છે કે કઈ રીતે માણસ તેના કાર્યોને તો નોંધ કરી શકે છે, પરંતુ તેમના પરિણામોનું સચોટ જ્ઞાન એ માત્ર પ્રકૃતિ પાસે છે. લેખમાં જીવનના ગુણવત્તાવાળા કાર્ય અને દાનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### ચાર્જશીટ ફાઇલ થશે અને અભિનેતા નરકની આગમાં બળીને ખાખ થઇ જશે

## નાના પાટેકર નહીં પરંતુ પોતે કેસ જીતી : તનુશ્રી



### તનુશ્રીએ પોતાની બીજી પોસ્ટમાં પાટેકરની પીઆર ટીમ ખોટા ન્યુઝ ફેલાવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે

નાના પાટેકરને મુંબઇ કોર્ટે મી ટુ મામલાના દરેક આરોપોમાંથી છોડી દીધો છે. ૭ વરસ જુના મામલામાં મુંબઇ કોર્ટના ફેંસલા પ્રમાણે ન્યાયાધીશે કેસ બંધ કરી દીધો હોવાનું જણાવી દીધું છે. પરંતુ તનુશ્રી દત્તા હજી પણ દાવો કરી રહી છે કે નાના પાટેકર નહીં પરંતુ પોતે કેસ જીતી ગઇ છે. સોશિયલ મીડિયા પર તે એક પછી એક પોસ્ટ શેર કરીને કેસના ફેંસલા પર રિએક્ટ કરી રહી છે. તે કાયદાની ભાષાને મુશ્કેલ ગણાવી રહી છે અને તેથી જ નાના પાટેકર લોકોને ખોટા માર્ગે વાળી રહ્યો છે. પરંતુ હું કહું છું કે, લોકોને વાસ્તવિકતા જણાવવી જોઇએ. આ બધો પૈસાનો ખેલ છે. તનુશ્રીએ જણાવ્યું છે કે, નાના પાટેકર સહિત અન્યોની વિરુદ્ધ જાતીય શોષણ સાથ જોડાયેલી ફરિયાદ પર મુંબઇ પોલીસે જે બી-સમરી રિપોર્ટ ફાઇલ કરી હતી, તનુશ્રીએ પોતાની બીજી પોસ્ટમાં નાના પાટેકરની પીઆર ટીમ ખોટા ન્યુઝ ફેલાવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે તે કોર્ટે કેન્સલ કરી દીધી છે. પોલીસે ૨૦૧૯માંપણ કેસ બંધ કરવાના પ્રયાસ કર્યા હતા. અમે કેસ જીતી ગયા છીએ અને મુંબઇ પોલીસે હવે આ મામલામાં ચાર્જશીટ ફાઇલ કરવી પડશે. તનુશ્રીએ પોતાની બીજી પોસ્ટમાં નાના પાટેકરની પીઆર ટીમ ખોટા ન્યુઝ ફેલાવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે. તનુશ્રીએ પોતાની બીજી પોસ્ટમાં નાના પાટેકરની પીઆર ટીમ ખોટા ન્યુઝ ફેલાવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે પરંતુ હું મહાદેવના સૌગંધ ખાઇને કહું છુ કે, અમે કેસ જીતી ગયા છીએ. કોર્ટે બી-સમરી રિપોર્ટ કેન્સલ કરી નાખી છે અને જલદી જ ચાર્જશીટ પણ ફાઇલ થઇ જશે, પોલીસ પાસે આના સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. તનુશ્રીએ નાનાને ખોટાડો અને મૌનિપુલેટિવ ગણાવ્યો હતો. તે તો નરકની આગમાં ખાક થશે, તેવી બદદુઆ સાથે તેની સજા તો હવે શરૂ થશ, એમ પણ કહ્યું હતું.

# ગુજ્જુ ગર્લ જાનકીનો બોલિવૂડમાં વાગ્યો ડંકો, શાહરૂખના હાથે મળ્યો IIFA એવોર્ડ

### ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી ૨૫માં એડિશનનું આયોજન ૮ અને ૯ માર્ચે જયપુરમાં થયુ હતું

ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી ૨૫માં એડિશનનું આયોજન ૮ અને ૯ માર્ચે જયપુરમાં થયુ હતું. જેમાં શનિવારે આઈફા ડિજિટલ એવોર્ડ્સ અને રવિવારે આઈફા મેન એવોર્ડના વિનર્સની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં થિયેટરમાં રિલીઝ થયેલી ફિલ્મોને એવોર્ડ અપાયા હતા. જેમાં ભૂલ ભૂલૈયા ફિલ્મ માટે કાર્તિક આર્યનને બેસ્ટ એક્ટરનો એવોર્ડ અપાયો હતો. ત્યાં જ કિરણ રાવના નિર્દેશનમાં બનેલી લાપતા લેડીજને બેસ્ટ ફિલ્મ સહિત ૯ એવોર્ડ મળ્યા હતા. જોકે આ દરમિયાન ગુજરાતી અભિનેત્રી જાનકી બોડીવાલાને પણ એવોર્ડ મળ્યો હતો અને આ એવોર્ડ જાનકીને શાહરૂખ ખાને આપ્યો હતો.ગુજરાતના અમદાવાદમાં જન્મેલી જાનકી બોડીવાલાને અજય દેવગન અને આર માધવન સ્ટારર ફિલ્મ 'શૈતાન' માટે પરફોર્મસ ઈન લીડિંગ સપોર્ટિંગ રોલ (ફિમેલ) નો એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મ ગુજરાતી ફિલ્મ 'વશ'ની રિમેક હતી. તમને જણાવી દઈએ કે, વશ ફિલ્મમાં પણ જાનકીએ અભિનય કર્યો હતો.જાનકી બોડીવાલાની વાત કરીએ તો તેણે એમએના સેકેન્ડરી અને હાયર સેકેન્ડરી સ્કૂલનો અભ્યાસ અમદાવાદથી કર્યો છે અને ગાંધીનગરના ગોયનકા રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ડેન્ટલ સાયન્સથી બેચલર ઓફ ડેંટલ સર્જરીમાં ડિગ્રી મેળવી છે.તમને જણાવી દઈએ કે, અજય દેવગણની ફિલ્મ 'શૈતાન'માં અભિનેત્રી જાનકી બોડીવાલાએ અવ્વલ નંબરનું કામ કર્યુ હતું. ફિલ્મમાં કિશોરી જેવી દેખાતી આ અભિનેત્રીએ અજય દેવગણ અને જ્યોતિકાની કિશોરવયની દીકરી જહાનવીની ભૂમિકા ભજવી હતી. પરંતુ ગુજરાતી સિનેમામાં કામ કરતા જાનકીને લાંબો સમય થઈ ગયો છે અને હાલમાં તે લગભગ ૨૮ વર્ષની છે.જાનકીના કરિયરની વાત કરીએ તો તેણે ગુજરાતી ફિલ્મ 'છેલ્લો દિવસ'થી કરી હતી. આ ફિલ્મ ગુજરામાં સુપરહીત સાબિત થઈ હતી અને આ ફિલ્મના ઘણા ડાયલોગ આજે પણ લોકોના મોઢે સાંભળી શકાય છે. 'છેલો દિવસ' પછી જાનકીએ 'ઓ તારી' 'તંબુરો', 'દોડ પકડ', 'છુટ્ટી જાયે છક્કા', 'તારી માટે વન્સ મોર', 'બાઉ ના વિચાર', 'નાડી દોષ' અને 'વશ' જેવી ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યુ.જાનકીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, મારા પિતા ભરત બોડીવાલા વકીલ છે અને માતા કાશ્મીરા બોડીવાલા ગૃહિણી છે. મારો નાનો ભાઈબોડીવાલા કેનેડામાં અભ્યાસ કરે છે. મારા અભિનય વ્યવસાયમાં મારા માતા-પિતાએ મને ખૂબ જ ટેકો આપ્યો છે. તે હંમેશા મને એવું કામ કરવા માટે પ્રોત્સાહિત કરે છે જેમાં મને આનંદ આવે છે.ઉલ્લેખનિય છે કે, જાનકી બોડીવાલાએ વર્ષ ૨૦૧૯માં મિસ ઈન્ડિયા કોન્ટેસ્ટમાં પણ ભાગ લીધો હતો અને તે આ સ્પર્ધામાં ટોપ-૩માં પહોંચી હતી.





## આઉટ ઓફ બોક્સ હોય તો ઓટીટી સિરીઝમાં એન્ટ્રી

જયપુર ખાતે યોજાયેલ આઈફા એવોર્ડમાં બોલિવૂડની હસ્તીઓનો જમાવડો હતો. તેમાં ક્રિતિ પણ હાજર રહી હતી, જ્યારે તેણે પોતાના ઓટીટી સિરીઝ ડેબ્યુ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું હતું કે તેને કશુંક આઉટ ઓફ ધ બોક્સ મળે તો તે સિરીઝમાં કામ કરવા ઉત્સુક છે. ક્રિતિએ કહ્યું, "કશુંક એવું હોવું જોઈએ જેમાં મને એક કલાકાર તરીકે કામ કરવામાં મજા આવે, કશુંક બિલકુલ અલગ અને ન વિચાર્યુ હોય એવું હોવું જોઈએ કારણ કે એ ફિલ્મ કરતાં લાંબું હોય છે. તો મને એટલું લાંબુ કામ કરવામાં મારો ઉત્સાહ જળવાઈ રહેવો જોઈએ." થોડાં વખત પહેલાં ક્રિતિની 'દો પત્તી' રિલીઝ થઈ હતી, જેમાં તેણે ડબલ રોલ કર્યો હતો. તેમાં બે જોડિયા બહેનોની વાત હતી. આ ફિલ્મથી ક્રિતિએ પ્રોડ્યુસર તરીકે ડેબ્યુ કર્યુ છે, તેણે બ્લૂ બટરફ્લાય ફિલ્મ્સ નામનું બેનર શરૂ કર્યુ છે. તો તેના પ્રોડક્શનની આગમી ફિલ્મ વિશે ક્રિતિએ કહ્યું, "હું હજુ નવાં પતંગિયાની શોધ કરી રહી છું." ફિલ્મ્સની બોક્સ ઓફિસ પર સફળતા અંગે ક્રિતિએ કહ્યું હતું કે, "કેટલીક ફિલ્મ ઘણી સારી ચાલે છે.બોક્સ ઓફિસ પર છાવા અને સ્ત્રી ૨એ જે કમાલ કરી છે તે આપણે બધાંએ જોઈ છે. તો આપણે એ સફળતાને મનાવવી જોઈએ."



### સંજય લીલા ભણસાલી મોટા બજેટ સાથે 'લવ એન્ડ વોર' બનાવી રહ્યા છે

## 'લવ એન્ડ વોર'ની તૈયારી, એરપ્લેન મોડમાં રણબીર કપૂર



### કરિયરની શરૂઆતમાં ચોકલેટી હીરો તરીકે ઓળખ મેળવનાર રણબીરે ઈમોશન અને એક્શનના ઈન્ટેન્સ સીન્સ કરેલા છે

સંજય લીલા ભણસાલી મોટા બજેટ સાથે 'લવ એન્ડ વોર' બનાવી રહ્યા છે. આ ફિલ્મમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટનો લીડ રોલ છે. તેમની સાથે વિકી કૌશલ પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મમાં દિલધડક એક્શન સીક્વન્સની સાથે ભવ્ય સેટ્સ અને ભણસાલી સ્ટાઈલના ગીતો પણ રહેવાના છે. આ ફિલ્મના રોલ માટે રણબીર કપૂર સજ્જ થઈ રહ્યો છે અને તેણે પરસેવો પાડવામાં કોઈ કસર રાખી નથી. ફિલ્મ માટે રણબીરની તૈયારીને દર્શાવતો એક ફોટોગ્રાફ્સ શેર કર્યો છે. કેપ્શનમાં 'લવ એન્ડ વોર'નો ઉલ્લેખ કરાયો છે અને 'એર પ્લેન મોડ' લખી પોતાની મહેનતની વાત થઈ છે. કરિયરની શરૂઆતમાં ચોકલેટી હીરો તરીકે ઓળખ મેળવનાર રણબીર કપૂરે ઈમોશન-એક્શનના ઈન્ટેન્સ સીન્સ કરેલા છે. પોતાના દરેક રોલમાં જીવ રેડી દેવાનો પ્રયાસ કરનારા રણબીરના ટ્રેનેરે તાજેતરમાં શેર કરેલી પોસ્ટ ધૂમ મચાવી રહી છે. આ પોસ્ટમાં રણબીર કપૂર પોતાના બંને હાથથી આખા શરીરને ઊંચું કરેલું છે અને પગથી લઈ માથા સુધી ગજબનું સંતુલન રાખ્યું છે. રણબીરના ફિટનેસ ટ્રેનરે નામે આ પોસ્ટ શેર કરી હતી. પોસ્ટમાં રણબીરની ફિટનેસના વખાણ કરતાં ટ્રેનરે 'એર પ્લેન' મોડ લખ્યુ હતું. ફેબ્રુઆરી મહિનામાં 'લવ એન્ડ વોર'ના સ્ટાર્સ આલિયા ભટ્ટ અને વિકી કૌશલ સાથે રણબીર કપૂરે ડાયરેક્ટર સંજય લીલા ભણસાલીનો જન્મદિવસ ઉજવ્યો હતો. આલિયાએ બાદમાં બર્થ ડે પાર્ટીના ફોટોગ્રાફ શેર કર્યા હતા. નાઈટ શૂટમાંથી બ્રેક લઈ બર્થ ડે પાર્ટીની ઝલક આપતી વખતે આલિયાએ 'છાવા'ની સફળતા બદલ વિકી કૌશલને અભિનંદન પણ આપ્યા હતા.

### ડાયરેક્ટર મુરગાદોસ ખુલાસા કરતાં કરતાં થાકી ગયા

## સિકંદર સાઉથની સરકારની રીમેક હોવાનો ઈનકાર

સલમાન ખાનની 'સિકંદર' ફિલ્મ વાસ્તવમાં સાઉથમાં થલાપતિ વિજયની મૂખ્ય ભૂમિકા સાથે બની ચૂકેલી 'સરકાર'ની રીમેક હોવાનો દાવો થઈ રહ્યો છે. ફિલ્મના દિગ્દર્શક એ.આર. મુરગાદોસે આ દાવો ફગાવી દીધો છે. ઉલ્લેખનીય છે કે થલાપતિ વિજયની 'સરકાર'ના ડાયરેક્ટર પણ ખુદ મુરગાદોસ જ હતા. ચાહકો એવું કહી રહ્યા છે કે મુરગાદોસે પોતાની જ ફિલ્મને થોડાક ફેરફારો સાથે હિંદીમાં બનાવી દીધી છે. મુરગાદોસે એક સંવાદમાં સાફ સાફ જણાવ્યું હતું કે આ ફિલ્મ અન્ય કોઈ ફિલ્મની રીમેક નથી. આ એક બિલકૂલ ળેશ સ્ટોરી છે. જોકે, ચાહકો આ વાત માનવા તૈયાર નથી. 'સિકંદર'નું ટીઝર રીલિઝ થયું તે પછી સંખ્યાબંધ ચાહકોએ તેની સ્ટોરી લાઈન, સલમાનના પોઝ, બેકગ્રાઉન્ડ વગેરે પરથી આ ફિલ્મ 'સરકાર'ની જ રીમેક હોવાનો ચુકાદો આપી દીધો હતો. કેટલાક ચાહકોએ તો આકરી ભાષામાં લખ્યું હતું કે સલમાનને ઓરિજિનલ સ્ટોરી સાથે કોઈ લેવાદેવા જ નથી. તેની ફિલ્મોનો પોતાનો એક અલાયદો ચાહક વર્ગ છે મુરગાદોસે એક સંવાદમાં સાફ સાફ જણાવ્યું હતું કે આ ફિલ્મ અન્ય કોઈ ફિલ્મની રીમેક નથી, આ એક બિલકૂલ ળેશ સ્ટોરી છે અને તેઓ ફિલ્મમાં સ્ટોરી જેવું કાંઈ ન હોય તો પણ તેની ફિલ્મ જોવા આવતા રહે છે. સલમાન હાલ તેની કારકિર્દીના નબળા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. તેની પાછલાં વર્ષોની મોટાભાગની ફિલ્મો ધાર્યા મુજબનો બિઝનેસ લાવી શકી નથી. આથી જ આ વખતે સલમાને 'સિકંદર' ફિલ્મ ઈદ વખતે જ રીલિઝ કરવાનું નક્કી કર્યુ છે. સલમાનની ઈદ વખતે રીલિઝ થયેલી અનેક ફિલ્મો અગાઉ સુપરહિટ નીવડી ચૂકી છે. મુરગાદોસે એક સંવાદમાં સાફ સાફ જણાવ્યું હતું કે આ ફિલ્મ અન્ય કોઈ ફિલ્મની રીમેક નથી, આ એક બિલકૂલ ળેશ સ્ટોરી છે જોકે, હવે ચાહકોની જનરેશન બદલાઈ ચૂકી હોવાથી સલમાનની આ કારી આ વખતે પણ ફાવે છે કે કેમ તે અંગે સવાલ છે.





## ઈબ્રાહિમ અને ખુશીની નાદાનિયાં જોઈને ચાહકોએ માથું કૂટી ગયું

### ડાયલોગ ડિલિવરીની અનેક ક્લિપ્સ સોશિયલ મીડિયા પર ફરતી થઈ છે

સૈફ અલી ખાનના દીકરા ઈબ્રાહિમ અલી ખાન તથા જાહ્નવી કપૂરની નાની બહેન ખુશી કપૂરની ફિલ્મ 'નાદાનિયાં' જોઈને ચાહકોએ માથું કૂટયું છે. સોશિયલ મીડિયા પર આ ફિલ્મની ઠેકડી ઉડાડતા મીમ્સનું ઘોડાપૂર આવ્યું છે. કેટલાક લોકોએ લખ્યું છે કે આ ફિલ્મને કચરો કહેવો એ કચરાનું પણ અપમાન છે. ફિલ્મમાં ખુશી અને ઈબ્રાહિમના હાવભાવ અને ડાયલોગ ડિલિવરીની અનેક ક્લિપ્સ સોશિયલ મીડિયા પર ફરતી થઈ છે અને લોકો જાતભાતની કોમેન્ટ કરી રહ્યા છે. કોઈએ લખ્યું છે કે સ્ટાર કિડઝને પ્લેટફોર્મ આપવાના નામે કરણ જોહરે દર્શકો પર ફરી વખત અત્યાચાર ગુજાર્યો છે. કેટલાકે આશ્ચર્ય વ્યક્ત કર્યુ છે કે કરણ જોહર તો સ્ટાર્સના પૈસે તેમનાં સંતાનોને લોન્ચ કરવાનો ધંધો જ માંડી બેઠો છે એ બરાબર છે પણ નેટફિલક્સ તેની જાળમાં કેવી રીતે ફસાય છે. શું ત્યાં કોઈ ક્વોલિટી કન્ટ્રોલ જેવું છે કે નહિ. એક ચાહકે તો પોતે લમણાં પર પિસ્તોલ તાકતા એક કાર્ટુન કેરેક્ટરની તસવીર મૂકીને કહ્યું છે કે 'નાદાનિયાં' ફક્ત અડધો કલાક જોયા પછી દિમાગની આ હાલત છે. કોઈએ લખ્યું છે કે જ્યારે પણ આપણને લાગે છે કે બોલીવૂડ આનાથી વધારે બકવાસ ફિલ્મ નહિ બનાવે ત્યારે 'નાદાનિયાં' જેવી ફિલ્મ આપણને ખોટા પાડી દે છે. કોઈએ લખ્યું છે કે દરેક માતાપિતાને સંતાન પોતાનાં જ પ્રોફેશનમાં ઝંપલાવે તેવી ઈચ્છા હોય છે. બોલીવૂડના કલાકારો પણ આવી ઘેલછામાંથી બાકાત નથી. બોલીવૂડ સ્ટાર્સએ તેમના સંતાનોને ખાવાપીવા અને હરવાફરવા દેવા જોઈએ.



## કંગના રનૌત અને આર.માધવનની સાયકોલોજિકલ થ્રીલરનું શૂટિંગ પૂર્ણ

### ૨૦૨૩માં આ ફિલ્મ એનાઉન્સ કરાઈ હતી ત્યારે તે એક સાયકોલોજીકલ થ્રીલર હોવાનો દાવો હતો

કંગના રણૌતે આર. માધવન સાથેની તેની નવી ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કરી દીધું છે. જોકે, આ ફિલ્મનું ટાઈટલ હજુ જાહેર કરાયું નથી. અગાઉ ૨૦૨૩માં આ ફિલ્મ એનાઉન્સ કરાઈ હતી ત્યારે તે એક સાયકોલોજીકલ થ્રીલર હોવાનો દાવો કરાયો હતો. કંગના અને આર. માધવન 'તનુ વેડ્સ મનુ'ની ળેન્ચાઈઝી પછી ફરી એકઠાં થયાં છે. છેલ્લે તેમણે ૨૦૧૫માં 'તનુ વેડ્સ મનુ રિટર્ન્સ'માં કામ કર્યુ હતું. એ પછી 'તનુ વેડ્સ મનુ'નો ત્રીજો ભાગ બનાવવાની જાહેરાત થઈ ચૂકી છે. જોકે, આર માધવનના દાવા અનુસાર પોતાને આ ત્રીજા ભાગ વિશે કોઈ માહિતી નથી. કંગના સાથે અગાઉ 'થલાઈવી' ફિલ્મ બનાવી ચૂકેલા ડાયરેક્ટર એ. એલય વિજયની કંગના સાથે આ બીજી ફિલ્મ છે. ફિલ્મ હિંદી અને તમિલ બંને ભાષામાં બનાવાઈ છે. ફિલ્મનું શૂટિંગ તાજેતરમાં ચેન્નઈ ખાતે પૂર્ણ થયું હતું. કંગનાએ જાતે જ શૂટિંગ પૂર્ણ થયું હોવાના ફોટા ફિલ્મના સેટ પરથી શેર કર્યા હતા. આગામી પ્રોજેક્ટમાં તેણીને ૨૦૧૫ ની હિટ ફિલ્મ "તનુ વેડ્સ મનુ રિટર્ન્સ" ના લગભગ એક દાયકા પછી માધવન સાથે ફરીથી જોડવામાં આવશે. એએલ વિજય દ્વારા દિગ્દર્શિત, સમગ્ર ભારતમાં મનોવૈજ્ઞાનિક થ્રિલરની જાહેરાત કંગના દ્વારા ૨૦૨૩ માં કરવામાં આવી હતી. હજુ સુધી શીર્ષક વિનાની થ્રિલર ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કર્યા પછી કંગનાએ એક ખુશખુશાલ ફોટો શેર કર્યો. ૨૦૨૩ માં, રનૌતે X પર એક પોસ્ટ શેર કરીને જાહેરાત કરી હતી કે આ ફિલ્મનું નિર્માણ ચેન્નાઈમાં શરૂ થઈ ગયું છે. "આજે ચેન્નાઈમાં અમે અમારી નવી ફિલ્મ, એક મનોવૈજ્ઞાનિક થ્રિલર, ફિલ્માંકન શરૂ કર્યુ છે. અન્ય વિગતો ટૂંક સમયમાં આવી રહી છે. હમણાં માટે આ ખૂબ જ અસામાન્ય અને ઉત્તેજક સ્ક્રિપ્ટ માટે તમારા બધાના સમર્થન અને આશીર્વાદની જરૂર છે," તેણીએ લખ્યું. જ્યારે કંગના લગભગ એક દાયકા પછી આર માધવન સાથે ફરી મળી રહી છે, ત્યારે આ ફિલ્મ થલાઈવી (૨૦૨૧) પછી દિગ્દર્શક એએલ વિજય સાથે તેનો બીજો સહયોગ પણ છે. ફિલ્મનું સંગીત જીવી પ્રકાશ કુમાર દ્વારા રચિત છે અને તે હિન્દી અને તમિલમાં દ્વિભાષી રિલીઝ માટે તૈયાર છે.



### સેન્સર બોર્ડે ફિલ્મના આ દ્રશ્યને પણ કાપી નાખ્યું છે

## જોન અબ્રાહમની 'ડિપ્લોમેટ'માં એક ખાસ ડિસ્ક્લેમર ઉમેરાશે

જોન અબ્રાહમની 'ધ ડિપ્લોમેટ'માં એક ખાસ ડિસ્ક્લેમર ઉમેરવામાં આવશે, સેન્સર બોર્ડે ફિલ્મના આ દ્રશ્યને પણ કાપી નાખ્યું છે.ધ ડિપ્લોમેટઃ જોન અબ્રાહમની ફિલ્મ 'ધ ડિપ્લોમેટ'ને સીબીએફસી દ્વારા મંજૂરી મળી ગઈ છે. પરંતુ નિર્માતાઓએ ફિલ્મમાં કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કરવા પડશે. ફિલ્મનો એક દ્રશ્ય પણ ટૂંકો કરવામાં આવ્યો છે.જોન અબ્રાહમ 'વેદ' પછી ફરી એકવાર પડદા પર એક શક્તિશાળી અવતારમાં દેખાવા માટે તૈયાર છે. તેમની ફિલ્મ 'ધ ડિપ્લોમેટ' ૧૪ માર્ચ ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ પહેલા પણ સેન્સર બોર્ડ ફિલ્મ પર કાતર ચલાવી ચૂક્યું છે. જોન અબ્રાહમની ફિલ્મનું પ્રમાણપત્ર સીબીએફસી દ્વારા મંજૂર કરવામાં આવ્યું હોવા છતાં, નિર્માતાઓએ 'ધ ડિપ્લોમેટ'માં કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કરવા પડશે.જોન અબ્રાહમની ફિલ્મ 'ધ ડિપ્લોમેટ'ને સેન્સર બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. પરંતુ આ સાથે બોર્ડે ફિલ્મમાં એક ખાસ ડિસ્ક્લેમર ઉમેરવાનો આદેશ આપ્યો છે. આ ડિસ્ક્લેમરમાં પડોશી દેશો સાથે સારા સંબંધો જાળવવાને સમર્થન આપતી નોંધનો ઉલ્લેખ હશે. આ ઉપરાંત ફિલ્મનો એક દ્રશ્ય પણ ટૂંકુ કરવામાં આવ્યુ છે.અહેવાલ મુજબ, એક સૂત્રએ જણાવ્યું હતું કે સીબીએફસી એ 'ધ ડિપ્લોમેટ'માં ઘણા વાસ્તવિક નામોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે, જેમાં સાદિયા ખતીબના પાત્રનું નામ અહેમદના નામ પરથી રાખવામાં આવ્યું છે.

**જોન અબ્રાહમ 'વેદ' પછી ફરી એકવાર પડદા પર એક શક્તિશાળી અવતારમાં દેખાવા માટે તૈયાર છે**



# ઝાલોદ તાલુકાના ગરાડુ ગામમા બે બાઇક વચ્ચે સર્જાયો ગમખ્વાર અકસ્માત : એક વ્યક્તિનું મરણ

## અકસ્માતમા બચી ગયેલ વ્યક્તિને દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગરાડુ ગામનાં કજેળી ફળિયામાંથી બે બાઈક **GJ-20-BJ-0911** અને **GJ-20-BF-0997** નંબરની બાઈકો સામસામે અથડાતાં એકનું ઘટનાસ્થળે મોત અને એકને વધુ સારવાર અર્થે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.



જાણવા મળ્યા મુજબ મરણ જનાર વ્યક્તિનું નામ કમલેશભાઈ રામાભાઈ ચારેલ ઉંમર ૨૬ રહે. ગરાડુ કજેલી ફળિયાનો છે અને અકસ્માતમાં બચી ગયેલ વ્યક્તિ જે હાલ દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે તેનું નામ પારગી સુનિલભાઈ દાઉદભાઈ ઉંમર ૨૫ રહે. ભીતોડી.. તાલુકો ફતેપુરા જિલ્લો દાહોદના રહેવાસી છે. આ અકસ્માત કેવી રીતે કોની ભૂલથી સર્જાયો તે હાલ પોલિસ તપાસ હેઠળ છે.

# ઝાલોદ પોલીસ દ્વારા ૪૪,૧૪,૭૯૯ રૂપિયાના દારૂનો નાશ કરવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ ઝોનમાં સમાવિષ્ટ વિવિધ પોલિસ સ્ટેશનમા ગુનાઓમાં ગેરકાયદેસર રીતે ઝડપાયેલ વિદેશી દારૂ ઝાલોદ ફતેપુરા રોડ રાજપુર ખાતે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ચાંપતા પોલિસ બંદોબસ્તની વચ્ચે ઝાલોદ ડીવીઝન પોલિસ દ્વારા નાશ કરવામાં આવ્યો હતો. ઝાલોદ પોલીસ વિભાગીય અધિકારી ડી.આર. પટેલ, સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ એ.કે.ભાટીયા, નશાબંધી આબકારી અધિકારી ડી.પી. બામણીયાની અધ્યક્ષતામાં ઝાલોદ લીમડી પોલિસ સ્ટેશનમા પ્રોહી. ગુન્હામા કબ્જે કરાયેલ અલગ અલગ ગુન્હામા ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ નાશ કરવામાં આવ્યો હતો. જેમાં ઝાલોદ પોલીસ સ્ટેશનમા પકડાયેલ ૯૪૧૫ દારૂની બોટલ જેની અંદાજિત કિંમત ૨૫,૩૫,૨૭૮ અને લીમડી પોલિસ સ્ટેશનમા પકડાયેલ ૧૧૦૬૯ દારૂની બોટલ જેની અંદાજિત કિંમત ૧૮,૭૯,૫૨૧ જેટલી થાય છે આમ બંને પોલિસ સ્ટેશન માંથી કુલ કુલ ૨૦,૪૮૪ બોટલ જેની અંદાજિત કિંમત ૪૪૧૪,૭૯૯ જેટલી થાય છે.

# આણંદ ખાતે ડીસ્ટ્રીક હેલ્થ સોસાયટી ની ગવર્નીંગ બોડીની બેઠક યોજાઈ



। (માહિતી) આણંદ, તા.૧૨ ।

આણંદ ડીસ્ટ્રીક હેલ્થ સોસાયટી ગવર્નીંગ બોડીની બેઠક જિલ્લા કલેકટર શ્રી પ્રવીણ ચૌધરીની અધ્યક્ષતામાં અને જિલ્લા વિકાસ અધિકારી સુ શ્રી દેવાહુતીની ઉપસ્થિતમાં કલેકટર કચેરી, આણંદ ખાતે યોજવામાં આવી હતી.

કલેકટર શ્રી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી દ્વારા ડીસ્ટ્રીક હેલ્થ સોસાયટી અંતર્ગત આર.સી.એચ પોગ્રામ કમિટીઓમાં ફેબ્રુઆરી ૨૦૨૫ અંતિત થયેલ ભૌંતિક અને નાણાંકીય કામગીરી, રસીકરણ, કાયાકલ્પ એસેસમેન્ટ અને નેશનલ લેવલ એસેસમેન્ટ રીપોર્ટ અને કુટુંબ નિયોજન નુકશાન ભરપાઈ યોજનાના દાવાઓ, સંચારી રોગ અટકાયતી પગલાં, રાષ્ટ્રીય ટીબી નિર્મુનલ કાર્યક્રમ-૧૦૦ દિવસ ટી.બી. કેમ્પેઈન કામગીરી, HIV અને હિપેટાઈટીસ રોગ, નેશનલ ટોબેકો કંટ્રોલ પોગ્રામની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી, જિલ્લા કક્ષાના હેલ્થ સોસાયટીના અધિકારીશ્રીઓ, જિલ્લાના શાખા અધિકારીશ્રીઓ, તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખંભાત અને પેટલાદના અધિક્ષકશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ગાયનેકોલોજીસ્ટશ્રી શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ હાજર રહ્યા હતા.

# અમદાવાદ ખાતે કલેક્ટર સુજીત કુમારના અધ્યક્ષ-સ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

## પ્રોએક્ટિવ એપ્રોચ રાખી ટોપ પ્રાયોરિટીના ધોરણે પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવીએ: કલેક્ટર સુજીત કુમાર



। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ કલેકટર કચેરી ખાતે કલેક્ટરશ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક કલેકટરશ્રીએ જણાવ્યું કે, જિલ્લા સંકલન સમિતિમાં સંસદ સભ્યશ્રી અને ધારાસભ્યશ્રીઓ દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોનું મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય દ્વારા સીધું મોનીટરીંગ કરવામાં આવે છે ત્યારે નિયત સમયમર્યાદામાં પ્રોએક્ટિવ એપ્રોચ રાખી ટોપ પ્રાયોરિટીના ધોરણે પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવા અધિકારીઓને જણાવ્યું હતું. કલેકટરશ્રીએ વિવિધ પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે ધારાસભ્યશ્રીઓ અને અન્ય વિભાગો સાથે સંકલન સાધવા પણ જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓને પ્રશ્નોના નિકાલ માટેની વ્યવહારિક સમયમર્યાદા આપી હકારાત્મક અભિગમથી નિરાકરણ લાવવા સૂચન કર્યું હતું, આ ઉપરાંત સંકલન, સંવાદ, હકારાત્મકતા થકી પદાધિકારીઓના પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવવા જણાવ્યુ હતું. આ તકે કલેકટરશ્રીએ વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધવા અને પ્રશ્નનો નિકાલ કરવા પણ સૂચન કર્યું હતું, તેમણે કેન્દ્ર સરકારના વિભાગો સાથે સંકલન સાધવા પત્ર લખવા સૂચન કર્યું હતું, બેઠકમાં વિવિધ વિકાસના પ્રશ્નો, રેલવે, જમીન સંપાદન, ગટર, વરસાદી પાણીનો નિકાલ, વિકાસના કામો માટેની જગ્યાની ફાળવવી, દબાણો દૂર કરાવવા, રખડતા ઢોર પર નિયત્રંણ લાવવા, રોડ રિસરફેસ, નર્મદા કેનાલની સફાઈ કરવા સહિતના પ્રશ્નોની ચર્ચા કરી તેનો ઝડપથી ઉકેલવા લાવવા સૂચના આપી હતી. આગામી સમયમાં હિટ વેવ ની શક્યતાને ધ્યાને લઈ કરવાની થતી કામગીરી અને ચોમાસાની ઋતુમાં ક્યાંય પાણી ન ભરાય તેની તકેદારી રાખવા કલેકટરશ્રીએ સૂચના આપી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી ભાવિન સાગર, અધિક નિવાસી નાયબ કલેકટરશ્રી હાર્દ શાહ સહિત પ્રાંત અધિકારીઓ અને સંકલન સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા હોળી અને ધૂળેટી પર્વની ભગવામય શુભકામના પાઠવવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

આજ રોજ દાહોદ જિલ્લાના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી પંચમુખી હનુમાનજી મંદિર પાલ્લી (લીમખેડા)ના આદરણીય મહંતશ્રી સુરેશદાસજી મહારાજ, પ્રદેશ પ્રચારક રીંકેશભાઈ પ્રજાપતિ તેમજ દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા સનાતન ધર્મના મહાન પર્વ હોળી અને ધૂળેટીની ભગવામય શુભકામના પાઠવવામાં આવી હતી.. જે પ્રસંગ હોય સૌ કાર્યકરોએ કેસુડાના તેમજ આયુર્વેદિક રંગોથી ધૂળેટી રમવા માટેના સંકલ્પ લીધા હતા..

# દરબારના બીજા દિવશે આહવાના રંગમંચ ઉપર રંગારંગ આદિવાસી કાર્યક્રમોની રમઝટ



। (માહિતી) ડાંગ, તા.૧૨ ।

ડાંગ જિલ્લાના 'પોતિકા' ઉત્સવ એવા 'ડાંગ દરબાર 'ના પ્રારંભ સાથે ડાંગના દરબારીઓને રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમોની રમઝટ માણવા માટે રંગઉપવન ખાતે રોજે રોજ સાંજના સાત થી આઠ વાગ્યાના સમયે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ થઈ રહ્યા છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ સાથે ડાંગના દરબારીઓ મેળાની સાથે કાર્યક્રમનો પણ આંનદ લઈ રહ્યા છે. ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત ડાંગ દરબારના બીજા દિવશે આહવા રંગ ઉપવન ખાતે સાંજના સમયે વિવિધ આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતાં. જેમાં અન્ય રાજ્યો તેમજ જિલ્લા અને સ્થાનિક કક્ષાના કલાકારો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યાં હતાં. તારીખ ૧૦ મી માર્ચ 'ડાંગ દરબાર-૨૦૨૫' ના બીજા દિવસે રંગઉપવન ખાતે ડાંગી નૃત્યુ, બીહુ નૃત્ય, તુર નૃત્ય, રાઠવા નૃત્ય, જાદુગર, આદિવાસી ડાન્સ, નાટક, સીધી ધમાલ, જેવા વિવિધ ગૃપોના ક્રાયક્રમોની રમઝટ ડાંગના દરબારીઓએ માણી હતી. આહવા ડાંગ વહીવટી તંત્ર દ્વારા યોજાઈ રહેલ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જીગ્નેશકુમાર ત્રીવેદી, પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વિજય દેશમુખ, સહિત અન્ય પ્રશાસનિક અધિકારીઓ, અને વાસુરણાના રાજવી શ્રી ધનરાજસિંહ સૂર્યવંશી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના કન્વીનર તરીકે શ્રી અનિલભાઈ વાઘ, તેમજ ઉદઘોષક તરીકે શ્રી હિતેશભાઈ શોલ્યા, અને શ્રી હરેશભાઈ ગાવિતે સેવા આપી હતી.

# આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ રેસ્ટોરન્ટો તેમજ ખાણીપીણીના એકમો ઉપર સ્વચ્છતા તેમજ હાઇજીન બાબતે સઘન તપાસ ઝુંબેશ હાથ ધરાઈ

। (માહિતી) આણંદ, તા.૧૨ ।

આણંદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ રેસ્ટોરન્ટો તેમજ ખાણીપીણીના એકમો ઉપર સ્વચ્છતા તેમજ હાઈજીન બાબતે સઘન તપાસ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવી છે. આણંદ મહાનગર પાલિકાના કમિશનર શ્રી મિલિંદ બાપનાની સુચના અને માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાની ટીમ દ્વારા સ્વચ્છતા તેમજ હાઈજીન સંદર્ભે બેદરકારી રાખતા વિદ્યાનગર વિસ્તારમાં આવેલા એકમો હોકોઈટરી, રાધે ઢોકળા, મુચ્છડ ઢાબા, ડી.જે. રેસ્ટોરન્ટ ખાતે મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ એકમો સ્વચ્છતા રાખતા ન હોય તેઓ પાસેથી દંડકીય કાર્યવાહી કરી સ્થળ ઉપર જ કુલ રૂ. ૪૧૦૦૦/- વસૂલ કરવામાં આવ્યા છે. આ એકમોને જો આગામી સમયે પણ સ્વચ્છતા તેમજ હાઈજીન સંદર્ભે બેદરકારી જોવા મળશે, તો આવા સ્થળોને સીલ મારવામાં આવશે, તેવી ચેતવણી આપવામાં આવી છે. આણંદ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા મહાનગરપાલિકા



વિસ્તારમાં આવેલ દરેક ખાણીપીણીના સ્થળો પર સઘન તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે અને સ્વચ્છતા અને હાઈજીન બાબતે બેદરકારી દાખવતા સ્થળો ખાતે સ્થળ ઉપર જ દંડનીય કાર્યવાહી અને ફરીની મુલાકાતમાં સ્વચ્છતા નહીં હોય તો ખાણીપીણીના સ્થળો સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આ તપાસ ઝુંબેશ મહાનગરપાલિકાના હેલ્થ ઓફીસર શ્રી સુધીરભાઈ પંચાલ, સેનીટેશન સુપ્રીટેન્ડન્ટ શ્રી વિભાકર રાવ તેમજ વિદ્યાનગરના સુપરવાઈઝરશ્રી મુકેશભાઈ પટેલ, સચીનભાઈ પટેલ દ્વારા મહાનગર પાલિકાના કમિશનર શ્રી ની સૂચના મુજબ કરવામાં આવી હતી.

# સાણંદ તાલુકાના ચાંગોદર ગામે જોખમગ્રસ્ત સગર્ભા માતાઓ તેમજ ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કિટનું વિતરણ કરાયું





। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

કેન્દ્ર સરકારના 'ટીબી મુક્ત ભારત' તથા રાજ્ય સરકારના 'સ્વસ્થ માતા, સ્વસ્થ બાળક'ના મિશનના ભાગરૂપે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ચાંગોદર ગામે જોખમગ્રસ્ત (વલ્નરેબલ) સગર્ભા માતાઓ અને ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કિટનું વિતરણ કરાયું હતું. ચાંગોદર ગ્રામ પંચાયત તથા આયુષ્યમાન આરોગ્ય મંદિર, ચાંગોદરના સહિયારા પ્રયાસોથી ૩૮ જેટલી સગર્ભા માતાઓ તેમજ ૧૨ જેટલા ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, ગામના સરપંચશ્રી તેમજ આરોગ્ય કેન્દ્રના કર્મીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતના વિખ્યાત અર્થશાસ્ત્રી પદ્મવિભુષણ શ્રી મોન્ટેક્સિંઘ આહલુવાલીયાએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી

। (માહિતી) નર્મદા, તા.૧૨ ।

વિખ્યાત અર્થશાસ્ત્રી અને ભારતના આયોજન પંચના પૂર્વ ઉપાધ્યક્ષ અને પૂર્વ નાણાસચિવ પદ્મવિભુષણ શ્રી મોન્ટેક્સિંઘ આહલુવાલીયાએ શ્રી નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લીધી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલને ભાવાંજલી અર્પી અને વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાની ભવ્યતાના દર્શન કર્યા હતા. મુલાકાત વેળાએ પ્રતિમાના નિર્માણ અંગેની એક ફિલ્મનં નિદર્શન પણ તેઓશ્રીએ કર્યૂ હતુ. સ્ટેચ્યુ પરિસર સ્થિત પ્રદર્શન કક્ષની તેમણે મુલાકાત લીધી



હતી, જ્યાં ભારતની સ્વાતંત્ર્ય ગાથા ગુલામીથી સ્વાતંત્ર્ય સુધીની સફર, ભારતની એકતા માટે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના સંઘર્ષ અને યોગદાન અંગે માહિતગાર થયા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. આજે તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ વધારશે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે. આજે તમારું મન ઓફીસ ના કામ માં નહિ લાગે? આજ તમારા મન માં કોઈ દુવિધા હશે જે તમને એકાગ્ર નહિ થવા દે.



**કર્ક (ડ,હ) :**

આજે લાગણીની દષ્ટિએ તમે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. તમે સીધા જવાબ નહીં આપો તો તમારી સાથે સંકળાયેલા લોકો તમારાથી નારાજ થાય એવી શક્યતા છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અમુક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.



**તુલા (ર,ત) :**

આજે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. આજના દિવસે જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.



**મકર (ખ,જ) :**

આજનો દિવસ ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. આજે ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. વિશાળ જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

## ન્યૂઝ બ્રિફ

### પાકિસ્તાનની ફજેતીઃ અમેરિકાએ રાજદૂતને દેશમાં પ્રવેશ ના આપ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સ્તર અનેક વાર શરમજનક સ્થિતિમાં મૂકાયું છે, જોકે એમાં કશુંય નવું નથી. તુર્કમેનિસ્તાન સ્થિત પાકિસ્તાનના રાજદૂતને અમેરિકાએ એન્ટ્રી આપવાનો ઈનકાર કરી દીધો છે. હાલ, આ મામલે અમેરિકા કે પાકિસ્તાન સરકાર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. પાકિસ્તાનના રાજદૂત પાસે યાત્રા સંબંધિત તમામ દસ્તાવેજો હોવા છતાં તેમને પરવાનગી અપાઈ નથી. વાગાન અનુભવી રાજદ્વારી છે. તેમણે આ મામલામાં હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાનના રાજદૂત કેકે એહસાન વાગાનને અમેરિકાના લોસ એન્જેલિસ એરપોર્ટથી પરત ફરવું પડ્યું છે. તેમની પાસે માન્ય વીઝા સહિત તમામ કાયદાકીય ડોક્યુમેન્ટ હોવા છતાં અમેરિકાએ તેમને એન્ટ્રી આપી નથી. પાકિસ્તાનના રાજદૂત અમેરિકા રજા ગાળવા ગયા હતા અને એ દરમિયાન અમેરિકાના ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને રોક્યા અને કાર્યવાહી કરી હતી. હાલ, અમેરિકાએ આ કાર્યવાહીનું કારણ આપ્યું નથી. આ મામલામાં પાકિસ્તાનના વિદેશમંત્રી ઈશાક ડાર અને સચિવ અમીના બલોચને જાણ કરવામાં આવી છે.

### પત્નીના નિધનથી દુઃખી પતિએ ૪ બાળકો સાથે દૂધમાં ઝેર ઘોળી પી લીધું

। (એજન્સી) પટણા, તા.૧૨ ।

બિહારના આરાથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં અરવિંદ કુમાર નામના એક પિતાએ પોતાના ૪ બાળકોના દૂધમાં ઝેર ભેળવીને બાદમાં પોતે પણ ઝેર પી આપઘાત કરી લીધો છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઝેરની અસરથી ચારમાંથી ત્રણ બાળકોનું મોત નિપજ્યું છે અને પિતા તેમજ અન્ય એક બાળકની સારવાર ચાલી રહી છે. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં પુત્ર આદર્શે જણાવ્યું કે, મારી માતાનું લાંબી બીમારીના કારણે મોત નિપજ્યું હતું. ત્યારથી મારા પિતા અંદરથી તૂટી ગયા હતા. તે બેનવલિયા બજારમાં એક નાનકડી ઈલેક્ટ્રોનિકની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મંગળવારે (૧૧ માર્ચ) તેમણે અમને બધાને અમારી મનપસંદ પુરી ખવડાવી અને બાદમાં બધાને એક-એક ગ્લાસ દૂધ આપ્યું અને પોતે પણ પી લીધું. થોડીવારમાં બધાને ઉલટી થવા લાગી અને પેટમાં જોરથી દુખાવો થવા લાગ્યો. બધાં ઘરે તડફડતા હતાં પરંતુ, ત્યારે કોઈ બચાવવા આવી શકે તેવું નહતું, થોડીવાર બાદ દરવાજો ખુલ્યો. બાદમાં કોઈ અમને હોસ્પિટલ લઈ આવ્યું.' નોંધનીય છે કે, સારવાર દરમિયાન બે પુત્રી અને એક પુત્રનું મોત થઈ ચુક્યું છે. મળતી માહિતી મુજબ, અરવિંદની પત્નીના મોત બાદ તે એકલો દુકાન ચલાવતો હતો અને બાળકોને પણ ભણાવતો હતો. પરંતુ, પત્નીના ગયા બાદ બાળકોની સંભાળ રાખવામાં ઘણી મુશ્કેલી થતી હતી. જેથી, તેણે આવું પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સમગ્ર મુદ્દે ડૉક્ટરે જણાવ્યું કે, હજુ સુધી પરિવારે કયું ઝેર પીધું હતું તેની જાણ નથી થઈ શકી. જ્યારે દર્દી હોસ્પિટલ પહોંચ્યા ત્યારે તેમાની આંખ અને પાપણ પર સોજો હતો.

### બે કરોડ મૃત લોકોને જીવિતમાં ખપાવી અબજો ડોલરનું કૌભાંડ

## અમેરિકામાં સામાજિક કલ્યાણની યોજનાઓમાં મસ્ક મોટી કાતર ફેરવશે

### ડેમોક્રેટ્સે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને આકર્ષિત કરવા અને નિભાવવા માટે કલ્યાણકારી યોજનાઓનું તંત્ર ગોઠવેલું છેઃ મસ્ક

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।




સામાજિક કલ્યાણની યોજનાઓમાં અમેરિકા સરકાર દ્વારા અબજો ડોલરનો ખર્ચ કરવામાં આવે છે. આ યોજનાઓ ભ્રષ્ટાચારનો અડ્ડો બની હોવાનો દાવો કરીને એલન મસ્કે આ પ્રકારની યોજનાઓ પર કાપ મૂકવાનું અભિયાન ઉપાડ્યું છે. સામાજિક સુરક્ષા અને કલ્યાણની યોજનાઓમાં સરકારી ખર્ચ પર કાપ મૂકવાની કામગીરીને પ્રાથમિકતા આપવાનો ઈરાદો મસ્કે જાહેર કર્યો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર અને અબજોપતિ મસ્કે જણાવ્યું હતું કે, આ પ્રકારની યોજનાઓમાં ૫૦૦ અબજ ડોલરથી ૭૦૦ અબજ ડોલર સુધીનો કાપ મૂકવાની જરૂર છે. યુએસએઈડમાં સંખ્યાબંધ કર્મચારીઓની છટણી તથા સરકારી કર્મચારીઓની સંખ્યામાં કાપ મૂકવાની કવાયતના પગલે મસ્કનો ભારે વિરોધ થઈ રહ્યો છે. આ વિરોધની અસર મસ્કની કંપની ટેસ્લાની શેર પ્રાઈઝ પર પણ જોવા મળી છે. આમ છતાં મસ્ક સહેજ પણ મચક આપવા તૈયાર નથી. બિન જરૂરી ખર્ચા પર કાપ મૂકી સરકારી તિજોરીને ભરેલી રાખવા માગતા મસ્કે દાવો કર્યો હતો કે, સામાજિક સુરક્ષાના ડેટાબેઝમાં બે કરોડ મૃત લોકોને જીવિત દર્શાવવામાં આવ્યા છે. જે અબજો ડોલરના કૌભાંડના સંકેત આપે છે. સામાજિક સલામતી યોજનાઓની વોચડોગ એજન્સી તરીકે કાર્યરત ઈન્સ્પેક્ટર જનરલે જારી કરેલા રિપોર્ટ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૧૫થી ૨૦૨૨ દરમિયાન ૭૧.૮ અબજ ડોલરના ખોટા ચૂકવણા થયેલા છે. આ સમગ્ર સમયગાળા દરમિયાન અપાયેલા કુલ લાભમાં આ પ્રમાણ એક ટકાથી પણ ઓછું છે. જો કે મસ્કને વાસ્તવિક આંકડો ઘણો મોટો લાગી રહ્યો છે. મસ્કના આ દાવાને ફગાવી દેતાં સામાજિક સલામતીના કાર્યકારી કમિશનર લી ડુડેકે કહ્યું હતું કે, જીવિત દર્શાવાલી દરેક વ્યક્તિના નામે લાભ લેવાયા હોય તે જરૂરી નથી. અમેરિકામાં સામાજિક કલ્યાણની યોજનાઓ હેઠળ નિવૃત્તો અને કેટલાક બાળકોને માસિક ભથ્થુ આપવામાં આવે છે. મસ્કે દાવો કર્યો હતો કે, ડેમોક્રેટ્સે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને આકર્ષિત કરવા અને નિભાવવા માટે કલ્યાણકારી યોજનાઓનું તંત્ર ગોઠવેલું છે. બહારના લોકોને અમેરિકા બોલાવ્યા પછી તેમને સરકારી ખર્ચે સહાયો આપવા અને વોટ-બેન્કમાં તબદિલ કરવાનો આ કારસો છે.

### પાકિસ્તાનના PMના સલાહકારનો પાયાવિહોણો દાવો

## પાકિસ્તાનમાં ટ્રેન હાઇજેક માટે ભારત જવાબદાર છે

### શાહબાઝ શરીફના સલાહકાર રાણા સનાઉલ્લાહે કહ્યું કે, અફઘાનિસ્તાનમાં બેસીને ભારત આ પ્રકારના ષડયંત્ર રચી રહ્યું છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૨ ।

પાકિસ્તાનમાં બલૂચ વિદ્રોહીઓ દ્વારા ગઈકાલે મંગળવારે એક ટ્રેન હાઈજેક થઈ હતી. જેમાં અંધાધૂધ ગોળીબારના કારણે ઘણા મુસાફર ઘવાયા હતા. આ ટ્રેનમાં ૫૦૦થી વધુ પેસેન્જર સવાર હતા. આ આતંકી હુમલા મુદ્દે પાકિસ્તાન વડાપ્રધાન શાહબાઝ શરીફના સલાહકાર રાણા સનાઉલ્લાહે ભારતને જવાબદાર ઠેરવ્યો છે. બલૂચ વિદ્રોહીઓએ સામાન્ય નાગરિકો, મહિલાઓ અને બાળકોને મુક્ત કરી દીધા હતા. પાકિસ્તાનની સેના, ગુપ્ત એજન્સીઓના અધિકારીઓ અને સરકારી કર્મચારીઓને પણ બંધક બનાવવામાં આવ્યા છે. બ્લૂચિસ્તાન લિબરેશન આર્મીએ આ હુમલાની જવાબદારી લીધી છે. બલૂચ વિદ્રોહીઓએ ૨૧૪ મુસાફરોને બંધક બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. રાણા સનાઉલ્લાહે બલૂચિસ્તાન ટ્રેન હાઈજેક કાંડ માટે ભારત પાયાવિહોણા આરોપ લગાવ્યા છે. રાણાએ સ્થાનિક મીડિયા સાથે વાતચીત કરતાં દાવો કર્યો હતો કે, આ હુમલા પાછળ ભારતનું ષડયંત્ર છે. અફઘાનિસ્તાનમાંથી ભારત આ હુમલાઓ ઓપરેટ કરી રહ્યું છે. સ્થાનિક મીડિયાએ પૂછ્યું હતું કે, શું તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન અને બલૂચ વિદ્રોહીઓ વચ્ચે કોઈ સંબંધ છે? શું તે ટીટીપી બલૂચોને સમર્થન આપે છે? તેના જવાબમાં સનાઉલ્લાહે જણાવ્યું કે, આ બધું ભારત કરાવી રહ્યું છે. તેમાં કોઈ શંકા નથી. આ હુમલા બાદ બલૂચ વિદ્રોહીઓને અફઘાનિસ્તાનમાં સુરક્ષિત ઠેકાણું મળી શકે છે. રાણાએ આગળ કહ્યું કે, અફઘાનિસ્તાનમાં બેસીને ભારત આ પ્રકારના ષડયંત્ર રચી રહ્યું છે. પાકિસ્તાનના દુશ્મન સક્રિય છે. આ રાજકીય મુદ્દો કે, એજન્ડા નથી. પરંતુ એક ષડયંત્ર છે. ભારત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન અને બલૂચ લિબરેશન આર્મીને સમર્થન આપી રહ્યું છે. તેમણે દાવો કર્યો છે કે, અફઘાનિસ્તાનમાં તેમની પાસે સુરક્ષિત સ્થળો છે.

### ટેરિફમાં વધારો કરી કેનેડાની ઓટો ઇન્ડસ્ટ્રી બંધ કરી દેવાની પણ ચીમકી

## કેનેડાના સ્ટીલ, એલ્યુમિનિયમ પર ૫૦% ટેરિફ લાદવાનો ટ્રમ્પનો આદેશ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાની એલ્યુમિનિયમ અને સ્ટીલની આયાતો પરની ટેરિફને બમણી કરવાની જાહેરાત કરી હતી. અમેરિકાના ત્રણ રાજ્યો પર વીજળી સરચાર્જ લાદવાના કેનેડાના નિર્ણયને પગલે ટ્રમ્પ રોષે ભરાયા હતાં અને વળતા પગલાં લઈને ટેરિફને સીધી ૨૫ ટકા વધારી ૫૦ ટકા કરવાની જાહેરાત કરી હતી. આ ટેરિફનો ૧૨ માર્ચથી અમલ થશે. ટ્રુથ સોશિયલ પર એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું મેં મારા વાણિજ્ય પ્રધાનને સૂચના આપી છે કે કેનેડાથી અમેરિકામાં આવતા તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફને ૨૫%થી વધારીને ૫૦% કરવામાં આવે છે. કેનેડાનો વિશ્વમાં સૌથી વધુ ટેરિફ ધરાવતા દેશોમાં સમાવેશ થાય છે. યુએસ પ્રેસિડન્ટે કેનેડાને વિવિધ યુએસ ડેરી પ્રોડક્ટ્સ પર ૨૫૦%થી ૩૯૦% ટકા સુધીની અમેરિકન વિરોધી ખેડૂત ટેરિફને તાત્કાલિક ઘટાડવાની તાકીદ કરી હતી. આ ટેરિફ લાંબા સમયથી ઉશ્કેરણીજનક છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ કેનેડાના સરચાર્જથી જોખમ ઊભું થવાની શક્યતા ધરાવતા વિસ્તારોમાં વીજળીની નેશનલ ઈમર્જન્સી જાહેર કરશે. તેનાથી કેનેડા તરફથી આ અપમાનજનક ધમકીને દૂર કરવા માટે જે કરવાનું છે તે ઝડપથી કરી શકશે.

### દેશના દુર્ગમ વિસ્તારોમાં પણ સુપર ફાસ્ટ ઇન્ટરનેટ ઉપલબ્ધ થશે

## મસ્કની ભારતમાં એન્ટ્રી સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા માટે એરટેલ સાથે ડીલ




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અગ્રણી ટેલિકોમ કંપની ભારતી એરટેલે ભારતમાં સ્ટારલિન્કની હાઈસ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ લોન્ચ કરવા માટે અમેરિકાના ઉદ્યોગપતિ એલન મસ્કની કંપની સ્પેસએક્સ સાથે એક સમજૂતી કરી છે. આ કરાર હેઠળ એરટેલ અને સ્પેસએક્સ એરટેલના રિટેલ સ્ટોર્સ પર સ્ટારલિંક ઈક્વિપમેન્ટ ઓફર કરશે. મસ્કની કંપની સાથે સમજૂતીને પગલે એરટેલ અને ભારતની નંબર ટેલિકોમ કંપની રિલાયન્સ જિયો વચ્ચેની સ્પર્ધામાં વધારો થશે અને ગ્રાહકોને સસ્તા દર હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવાઓ મળશે. સ્પેસએક્સની સ્ટારલિંક લાંબા સમયથી ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા લોન્ચ કરવાનો પ્રયાસ કરી રહી છે ત્યારે ભારતી એરટેલે મંગળવારે આ જાહેરાત કરી હતી. એરટેલે જણાવ્યું હતું કે આ સોદો સ્પેસએક્સને ભારતમાં સ્ટારલિંક સર્વિસ શરૂ કરવા માટે લાઈસન્સ મળે તેના આધીન છે. સ્પેસએક્સ અને એરટેલ બિઝનેસ ગ્રાહકોને સ્ટારલિંક ઈક્વિપમેન્ટ અને સેવાઓ ઓફર કરવા માટે સહયોગ કરશે. તે શાળાઓ, આરોગ્ય કેન્દ્રો અને દૂરના વિસ્તારોમાં કનેક્શન પણ ઓફર કરશે. સ્પેસએક્સ ભારતમાં એરટેલના ગ્રાઉન્ડ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય ક્ષમતાઓનો ઉપયોગ કરશે તેવી શક્યતા છે. વોશિંગ્ટનમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મસ્ક વચ્ચે મુલાકાતના થોડા અઠવાડિયા પછી આ જાહેરાત થઈ હતી. તેમની મુલાકાત દરમિયાન સ્પેસ, મોબિલિટી, ટેકનોલોજી અને ઈનોવેશન સહિતના મુદ્દે ચર્ચા થઈ હતી. ભારતી એરટેલના મેનેજિંગ ડિરેક્ટર અને વાઈસ ચેરમેન ગોપાલ વિટ્ટલે જણાવ્યું હતું કે ભારતમાં એરટેલ ગ્રાહકોને સ્ટારલિંક ઓફર કરવા માટે સ્પેસએક્સ સાથે કામ કરવું તે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને નેક્સ્ટ જનરેશન સેટેલાઈટ કનેક્ટિવિટી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સહયોગ ભારતના સૌથી દૂરના ભાગોમાં પણ વિશ્વ-સ્તરીય હાઈ-સ્પીડ બ્રોડબેન્ડ સેવા શરૂ કરવાની અમારી ક્ષમતામાં વધારો કરે છે. તેનાથી દરેક વ્યક્તિ, વ્યવસાય અને સમુદાય પાસે વિશ્વસનીય ઈન્ટરનેટ સર્વિસ હશે. ભારતમાં સેટેલાઈટ સર્વિસના સ્પેક્ટ્રમના મુદ્દે તાજેતરમાં મહિનાઓમાં અબજોપતિ મુકેશ અંબાણીની કંપની અને સ્ટારલિંક વચ્ચે વિવાદ થયો હતો.

## ધમકી તો આપવાની નહીં, થાય તે કરી લેવું : ઈરાન

। (એજન્સી) તેહરાન, તા.૧૨ ।

ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે તે અમેરિકાના દબાણ હેઠળ કામ કરશે નહીં. આ સાથે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પણ સ્પષ્ટપણે કહી દીધું છે કે ધમકીઓ આપવાની નહીં. તમારાથી થાય તે કરી લો. જે કરવું હોય કરો અમે દબાણમાં આવવાના નથી. તાજેતરમાં ટ્રમ્પે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનાઈને એક પત્ર મોકલ્યો હતો, જેમાં તેમણે નવા પરમાણુ કરાર પર ચર્ચા કરવાની અપીલ કરી હતી. ત્યારે હવે ખામેનાઈએ આ પત્રનો જવાબ આપતાં વાતચીતનો ઈનકાર કરી દીધાની માહિતી મળી રહી છે. ગઈકાલે ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિઆને કહ્યું કે અમારો દેશ કોઈપણ ધમકી હેઠળ અમેરિકા સાથે કામ નહીં કરે. અહેવાલ અનુસાર, તેમણે ટ્રમ્પને કહ્યું કે 'તમને જે યોગ્ય લાગતું હોય તે કરો'. અમેરિકાએ અમને આદેશ ન આપવા, તે અમને ધમકાવતો હોય તેવું લાગે છે જે અમને જરાર સ્વીકાર્ય નથી. અમે તમારી સાથે વાત પણ નહીં કરીએ. તમને જે યોગ્ય લાગે તે કરો.

## અમલદારોને લોકશાહીના પાયા નબળા પાડવાની મંજૂરી ના અપાય

### મહારાષ્ટ્રમાં મહિલા સરપંચને ગેરલાયક ઠેરવવાના અધિકારીના પ્રયાસની કોર્ટે ઝાટકણી કાઢી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ વચ્ચે ખટરાગના કિસ્સા નવા નથી. સમય અને સંજોગો પ્રમાણે નેતાઓ અને અધિકારીઓના વર્ચસ્વમાં વધ-ઘટ થતી રહે છે.

વર્ચસ્વ સાબિત કરવાની આ હોડમાં લોકશાહીને જોખમમાં નહીં મૂકવાની ટકોર સુપ્રીમ કોર્ટે કરી હતી. મહારાષ્ટ્રમાં ચૂંટાયેલા મહિલા સરપંચને ગેરલાયક ઠેરવવા માટે જૂના કેસ ખોલવાની સરકારી અધિકારીઓની પ્રવૃત્તિઓની સુપ્રીમ કોર્ટે ઝાટકણી કાઢી હતી. કોર્ટે ઠરાવ્યુ હતું કે, સરકારી બાબુઓને લોકશાહીના પાયા હચમચાવવાની મંજૂરી આપી શકાય નહીં. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યા કાંત અને એન કોટિશ્વરસિંઘની બેન્ચે નોંધ્યું હતું કે, પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે અધિકારીઓએ ગેરવર્તણૂક કરી હોય તેવા અનેક કિસ્સા મહારાષ્ટ્રમાં બન્યા હોવાનું તાજેતરના સમયમાં ધ્યાને આવ્યું છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે સરકારી બાબુઓએ ગેરવર્તણૂક કરી હોય તેવા બે-ત્રણ કિસ્સામાં સુપ્રીમ કોર્ટે ચુકાદા પણ આપ્યા હતા. આવા કિસ્સા મહારાષ્ટ્રમાં વધારે બની રહ્યા છે. સરકારી બાબુઓએ ચૂંટાયેલા પ્રતિનિધિઓના હાથ નીચે કામ કરવાનું હોય છે. બાબુઓને લોકશાહીના પાયાઓને હચમચાવવાની મંજૂરી આપી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી કે, ચૂંટાયેલા પ્રતિનિધિને ગેરલાયક ઠેરવવા માટે જૂના કેસ ખોલવાના પ્રયાસ સરકારી બાબુઓએ કર્યા હોવાનું પણ ધ્યાનમાં આવ્યા છે. ખાસ કરીને આવી ઘટનાઓ છેક પાયાના સ્તરે બની રહી છે. તમારા (પ્રતિનિધિ)ના દાદાએ સરકારી જમીન દબાવી હોવાના કેસ ઊભા કરી તમને ગેરલાયક ઠેરવવાના પ્રયાસ પણ થાય છે. પ્રસ્તુત કેસમાં મહારાષ્ટ્રના રોહા તાલુકાના ઐંઘાર ગામમાં કલાવતી રાજેન્દ્ર કોકાલે સરપંચ તરીકે ચૂંટાયા હતા. કલાવતીએ સરપંચ પદેથી આપેલું રાજીનામુ પરત ખેંચ્યુ હોવા છતાં રાયગઢ જિલ્લાના કલેક્ટરે તેમને સરપંચ પદે ગેરલાયક ઠેરવ્યા હતા.

મહારાષ્ટ્ર હાઈકોર્ટે કલેક્ટરના હુકમને રદબાતલ ઠેરવી સરપંચ પદે અરજદારને પુનઃનિયુક્ત કર્યા હતા. જેથી આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો.

# વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે ઉભરતા સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે ઝડપી ક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો





। (પીઆઈબી) નવી દિલ્હી ।

વાયુસેનાના વડા (CAS) એર ચીફ માર્શલ એપી સિંહે વિકસતા ભૂ-વ્યૂહાત્મક પરિદૃશ્યમાં ઉભરતા સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે ઝડપી ક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેઓ વેલિંગ્ટન સ્થિત ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ (DSSC) ખાતે કાયમી ફેકલ્ટી સાથે ૮૦માં સ્ટાફ કોર્સમાં ઉપસ્થિત ભારતીય સશસ્ત્ર દળોના વિદ્યાર્થી અધિકારીઓને સંબોધિત કરી રહ્યા હતા. CAS એ ૧૧-૧૨ માર્ચ ૨૦૨૫ના રોજ DSSCની મુલાકાત લીધી હતી. એર ચીફ માર્શલ એપી સિંહે કોર્સ અધિકારીઓને પરીવર્તનને સ્વીકારવા, બદલાતા જોખમોનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરવા અને ભવિષ્યના સંઘર્ષો માટે અનુકૂલનશીલ વ્યૂહરચના ડિઝાઈન કરવાનો આગ્રહ કર્યો હતો. સંયુક્ત કાર્યના મહત્વ પર ભાર મૂકતા, તેમણે લડાઈ અસરકારકતા વધારવા માટે ત્રણેય સેવાઓ વચ્ચે સંકલિત તાલીમ અને ઓપરેશનલ સિનર્જીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમના સંબોધનમાં, CAS એ ભારતીય વાયુસેના (IAF), તેની ચાલી રહેલી ક્ષમતા વિકાસ પહેલ અને આધુનિક યુદ્ધમાં એકીકૃત કામગીરીના મહત્વ પર વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ પ્રદાન કર્યો. તેમણે ભારતના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવામાં IAF કર્મચારીઓની સિદ્ધિઓ, સ્થિતિસ્થાપકતા અને અતૂટ પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમની મુલાકાત દરમિયાન, CAS ને DSSCની તાલીમ પ્રવૃત્તિઓ અને સશસ્ત્ર દળો વચ્ચે સંયુક્ત કાર્યને પ્રોત્સાહન આપવા પર તેના ભાર વિશે પણ માહિતી આપવામાં આવી હતી. જે આધુનિક લશ્કરી તૈયારીનું મુખ્ય પાસું છે. તેમણે સખત શૈક્ષણિક અને વ્યાવસાયિક તાલીમ દ્વારા ભાવિ લશ્કરી નેતાઓને આકાર આપવામાં સંસ્થાની ભૂમિકાની પ્રશંસા કરી. આ મુલાકાતે આવતીકાલના પડકારો માટે સારી રીતે તૈયાર નેતૃત્વ સુનિશ્ચિત કરીને સંયુક્ત કાર્યકારી ક્ષમતાઓ વધારવા અને આંતર-સેવા સહયોગને મજબૂત બનાવવાની IAFની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ-વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી સહિત વિધાનસભાના સભ્યોએ ઉજવ્યું રંગપર્વ

## ગાંધીનગરમાં વિધાનસભા ગૃહની સામેના હરિયાળા પ્રાંગણમાં રંગ-ઉમંગની છોળો અને પરંપરાગત આદિવાસી નૃત્યોની રમઝટ સાથે ઉજવાયો હોળી ઉત્સવ

। ગાંધીનગર, તા.૧૨ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની પ્રોત્સાહક અને પ્રેરક સહભાગીતાથી ગુજરાત વિધાનસભાના સભ્યોએ રંગ અને ઉમંગના પર્વ હોળીની રંગારંગ ઉજવણી કરી હતી. વિધાનસભાની બેઠકની બુધવારના દિવસની કાર્યવાહી પૂરી થયા બાદ ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા વિધાનસભા અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, સૌ વિધાનસભા ગૃહની સામેના હરિયાળા પ્રાંગણમાં આ હોળી ઉત્સવ માટે એકત્ર થયા હતા.

આદિવાસી કલાકારો દ્વારા પ્રસ્તુત પરંપરાગત ઘેરૈયા નૃત્યોના તાલના સંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી તથા મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, વિધાનગૃહમાંથી પગપાળા આ પ્રાંગણમાં પહોંચ્યા હતા. વિધાનસભા





પરિસરસામેનાઆહરિયાળાપ્રાંગણમાંહોળીગીતોની સંગીતમય પ્રસ્તુતિ, તથા આદિવાસીઓનાં હોળીનૃત્યોના રંગસભર માહોલ વચ્ચે મુખ્યમંત્રીશ્રી અને વિધાનસભાના અધ્યક્ષશ્રી સહિત સૌએ એકબીજાને રંગો ઉડાડી રંગભીના કર્યા હતા અને આ રંગપર્વનો મન મૂકીને આનંદ માણ્યો હતો.

પ્રાંગણમાં બેસવા માટે ખાટલા-ઢોલિયા સાથે રંગબેરંગી ફૂલોની સજાવટથી નયનરમ્ય રંગોળી પણ આ હરિયાળા પ્રાંગણની શોભા વધુ રંગમય બની હતી.

રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, હોળીગીતોના તાલે ગરબા પણ રમ્યા હતા અને સમગ્ર વાતાવરણને રંગારંગ, ઉલ્લાસમય અને પરસ્પર પ્રેમનું પ્રતીક બનાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને ધારાસભ્યો, આમંત્રિતોએ આ રંગ પર્વના ઉલ્લાસ સાથોસાથ સમૂહ ભોજનનો આસ્વાદ પણ માણ્યો હતો.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ વિધાનસભાના સભ્યો દ્વારા હોળી પર્વની રંગસભર સામૂહિક ઉજવણીની આ પરંપરા ગયા વર્ષથી શરૂ કરાવી છે.

### હોળી-ધૂળેટીના તહેવારના દિવસે રિવરફ્રન્ટ સ્થિત તમામ ગાર્ડન સાંજના ૫ વાગ્યા સુધી બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૨ ।

તા.૧૩ માર્ચ અને તા.૧૪ માર્ચ હોળી ધૂળેટીના તહેવારના દિવસે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ હેઠળના તમામ ગાર્ડન સાંજના ૫ વાગ્યા સુધી બંધ રાખવામાં આવશે. અટલ બ્રિજ તા.૧૪ માર્ચ ધૂળેટીના દિવસે સાંજના ૫ વાગ્યા સુધી બંધ રાખવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી તેવું સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડની અખબારી યાદીમાં જણાવાયું છે.

### સુરતમાં ડીજે પર ડાંસ કરવાને લઈ વિવાદમાં યુવકની હત્યા

। સુરત, તા.૧૨ ।

સુરત ક્રાઈમ સિટી બની રહ્યું હોય તેમ લાગે છે. શહેરમાં હત્યાનો સિલસિલો લગભગ રોજિંદો ક્રમ બની ગયો છે. સુરત જિલ્લામાં એક લગ્ન સમારોહમાં ડીજે પર નાચવાને લઈ થયેલા વિવાદમાં ૨૬ વર્ષીય યુવકની ચપ્પુ મારીને હત્યા કરવામાં આવી હતી. ઘટના પલસાણા પોલીસ સ્ટેશન અંતર્ગત આવતા જોલવા ગામમાં બની હતી. ડાંસ કરતી વખતે વિવાદ થતાં ત્રણથી ચાર લોકો ચપ્પુ લઈને તૂટી પડ્યા હતા. જેમાં યુવકનું મૃત્યુ થયું હતું. રવિને ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ઘટના બાદ લગ્નનો માહોલ માતમમાં ફેરવાઈ ગયો હતો. હત્યાની માહિતી મળતાં જ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો.

#### સોસાયટીમાં સિમેન્ટ રેડી મિક્સ પ્લાન્ટ સામે લોકોનો વિરોધ

## સિમેન્ટ પ્લાન્ટમાંથી ઉડતી સિમેન્ટ સ્થાનિકોના આરોગ્ય માટે જોખમી

### લોકોની ફરિયાદ બાદ પણ નિરાકરણ ન આવતા માજી કોર્પોરેટર ઉષા પટેલે મ્યુનિ. કમિશ્નરને ફરિયાદ કરી છે

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરત પાલિકાના સરથાણા બી ઝોનની એક રહેણાંક સોસાયટીમાં સિમેન્ટ રેડી મિક્સ પ્લાન્ટ સામે લોકોના વિરોધ બાદ આ પ્રકારનો વિરોધ રાંદેર ઝોનના પાલનપોર વિસ્તારમાં બહાર આવ્યો છે.

સરથાણાની જેમ પાલનપોર વિસ્તારના લોકો પણ આ પ્લાન્ટથી કંટાળી ગયા છે. પાલનપોર મેટ્રોના સિમેન્ટ પ્લાન્ટમાંથી ઉડતી સિમેન્ટ સ્થાનિકોના આરોગ્ય માટે જોખમી બની ગયો છે. સ્થાનિકોની અનેક ફરિયાદ બાદ કોઈ પગલાં ભરાયા નથી, લોકોના ઘરમાં ખાંસીની બીમારી ઘુસી, પાલિકા કામગીરી નથી કરતી તો લોકોએ ઘર છોડવા? એવો પ્રશ્ન ભાજપના માજી કોર્પોરેટરે પાલિકાને પૂછ્યો છે. સુરત પાલિકાના રાંદેર ઝોનમાં પાલનપોર ગૌરવ પથ પર મેટ્રો માટેનો સિમેન્ટનો પ્લાન્ટ ચાલી રહ્યો છે. આ પ્લાન્ટ રહેણાંક વિસ્તારની આસપાસ હોય તેમાંથી ઉડતી સિમેન્ટ અને ધૂળ લોકોના આરોગ્ય માટે ખતરો બની રહી છે. આ ઉપરાંત આ પ્લાન્ટમાં આવતા મોટા વાહનો પણ લોકો માટે જોખમી બની રહ્યા છે. આ અંગે સ્થાનિકો દ્વારા અનેક વખત ફરિયાદ કરવામાં આવી છે પરંતુ પાલિકા દ્વારા કોઈ કામગીરી કરવામા આવતી ન હોય લોકો માટે આ પ્લાન્ટ આફતરૂપ બની ગયો છે. લોકોની ફરિયાદ બાદ પણ નિરાકરણ ન આવતા માજી કોર્પોરેટર ઉષા પટેલે મ્યુનિ. કમિશ્નરને ફરિયાદ કરી છે. માજી કોર્પોરેટરે ફોટા અને વિડીયો સાથે ફરિયાદ કરતા જણાવ્યું હતું કે, પાલનપુર ફાયર સ્ટેશનની સામે મેટ્રોનો પ્રોજેક્ટ ચાલે છે જેમાં સિમેન્ટની ડમરીઓ ઊડીને સામે રહેતા પાલનપુર ગામના નિવાસીઓના આરોગ્ય માટે હાનિકારક સાબિત થઈ રહી છે સ્થાનિક રહેવાસીઓના કહેવા મુજબ એક એક ઘરમાં ખાંસીની બીમારી છે તો શું રહેવાસીએ પોતાના ઘર છોડી દેવા જોઈએ ? આ અંગે તપાસ કરાવી કાર્યવાહી કરીને લોકોને આ સમસ્યાથી છુટકારો મેળવવા અરજી કરી છે. વધુમાં જણાવાયું છે કે, મેટ્રોનો પ્રોજેક્ટ ચાલે છે જેમા સિમેન્ટ પ્લાન્ટમાંથી સિમેન્ટ ઉડે છે જેને લીધે આજુ-બાજુના ઘરમાં સિમેન્ટ ઉડીને આવે છે જેને લીધે દરેક ઘરમાં ખાંસીના કેસો છે તેનાથી લોકોને છૂટકારો મળવો જોઈએ.

## જય દશામાં વિદ્યામંદિર ઝાલોદ ખાતે ધૂળેટી પર્વની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

આજરોજ જય દશામાં વિદ્યામંદિરના પટાંગણમાં શાળાના પ્રમુખ મુકેશભાઈ ડામોર, શિક્ષકગણ અને શાળાના નાના ભૂલકાઓએ સાથે મળીને પ્રાકૃતિક રંગ, કેસુડાના ફૂલો, ખજૂર- ધાણીના પ્રસાદ ખાઈ, જાતિ મતભેદ વગર સૌ કોઈ એ જીવનપર્વને ઉલ્લાસ થી રંગીન બનાવી મૂકે એવી હોળી - ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દરેકે ભૂલકાઓ એ એકમય થઈ આનંદમય અને હર્ષોલ્લાશથી ભાગ લીધો હતો. બુરા ન માનો હોલી હૈ.

#### ભકતજનો ડાકોરના માર્ગો તરફ પ્રયાણ કરી ચુકયા છે

## ડાકોર તરફના માર્ગો પદયાત્રીઓથી ઉભરાયા

### ૪૦ ડિગ્રી તાપમાનમાં પણ ભક્તોની પદયાત્રાઃ માર્ગોમાં ઠેર ઠેર સેવાકેમ્પો ધમધમ્યાં

। (એજન્સી) નડિયાદ, તા.૧૨ ।

આમલકી એકાદશીથી પદયાત્રાના પ્રારંભ સાથે જ ડાકોર તરફ જવાના માર્ગો પદયાત્રિઓનું પ્રયાણ શરૂ થઈ ગયુ છે. ખાસ કરીને અમદાવાદથી આવતા યાત્રાળુઓની સંખ્યા ખુબ જ વધારે હોય છે. હાલમાં એકા એક ગરમીનો પારો ૩૮ ડિગ્રી ઉપર પહોંચી ગયો છે.

તેમ છતાં પણ પોતાની માનતા પૂર્ણ થતા અને વર્ષોથી જતા કેટલાય ભકતજનો ડાકોરના માર્ગો તરફ પ્રયાણ કરી ચુકયા છે. આ યાત્રાળુઓને માર્ગમાં કોઈ પણ પ્રકારની મુશકેલી ના પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા તેમજ કેટલીય સેવાભાવી સંસ્થાઓ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યુ છે જેમાં



તેઓને જમવા, નાસ્તા અને નાહવા માટેની તેમજ વિશ્રામ કેમ્પો પણ ઉભા કરવામાં આવ્યા છે. મહેમદાવાદના રાસ્કા, કનીજ, આમસરણ, ખાત્રજ ચોકડી, સિંહુજ ચોકડી અને મહુધા ટી પોઈન્ટ થઈને જતા માર્ગો પર ધોળી ધજા સાથે ભક્તોની ભીડ વધી રહી છે. અમદાવાદ તરફથી સૌથી વધુ શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે. હાથીજણ સર્કલથી ડાકોર સુધીના ૬૨ કિલોમીટરના માર્ગ પર ભક્તોનો વિશેષ ધસારો છે.

માર્ગ પર આવતા ગામોના લોકો અને સામાજિક સંસ્થાઓએ સેવા કેમ્પો શરૂ કર્યા છે. સેવા કેમ્પોમાં ભોજન, ચા-નાસ્તો અને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. વસ્ત્રાલના એક યુવા ભક્તે જણાવ્યું કે તેઓ પ્રથમ વખત પદયાત્રા કરી રહ્યા છે. રસ્તામાં સેવાભાવી લોકો ૨૪ કલાક મદદ માટે હાજર છે. ચા, કોફી, પાણી, છાસ, નાસ્તો, ભોજન સહિત આરોગ્ય સેવાઓ સહિત વિગેરેના સેવા કેન્દ્રોનો સમાવેશ થાય છે.

### સુરતમાં પોલીસને જોઈ જુગારીઓ નદીમાં કૂધા

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતમાં રાંદેરના કોઝવે ખાતે અવાવરૂ જગ્યાએ છ વ્યકિતઓ જુગાર રમી રહ્યા હતા. તે સમયે ત્યાં પોલીસ પહોંચતા જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. જેમાં પોલીસથી બચવા માટે એક આધેડ અને એક પ્રૌઢ વિયરના પાણીમાં કૂદી પડતા ડૂબી જતા બંનેના મોત નિપજ્યા હતા. રાંદેર ખાતે માલમવાડ સ્ટ્રીટમાં રહેતા ૫૨ વર્ષીય ગુલામ નબી ઉર્ફે મંજુ ગુલામ મહોમ્મદ સફેદ અને ૫૦ વર્ષીય મહોમ્મદ અમીન, મહોમ્મદ હુસેન હોટલવાલા અને તેમના ચાર મિત્ર સાથે બપોરે રાંદેરના ઈકબાલ નગર પાસે કોઝવે નજીક આવેલી અવાવરૂ જગ્યામાં જુગાર રમી રહ્યા હતા. તે સમયે ત્યાં અચાનક આવેલી પોલીસને જોઈને જુગારીઓ આમતેમ ભાગવા લાગ્યા હતા. જેમાં ગુલામ નબી અને મોહમદ અમીન કોઝવેમાં કૂદી પડ્યા હતા. બંનેને કૂદતા જોઈ તાત્કાલિક ફાયર બ્રિગેડનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. જોકે, ફાયરની ટીમ ત્યાં પહોંચે તે પહેલા સ્થાનિકોએ બંનેને બહાર કાઢી નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા.

#### સેટેલાઈટથી જમીન માપણીની પોલ ખુલી

## રાજ્યમાં ટેકાના ભાવે તુવેરની ખરીદીમાં ૧૦ હજાર ખેડૂતોના રજીસ્ટ્રેશન રદ

### જુનાગઢ, કેશોદ સહિતના જિલ્લાના ખેડૂતોનો પણ સામેલ છે ખેડૂતોના રજીસ્ટ્રેશન રદ થતાં તુવેર પકવતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે

।(એજન્સી) ગાંધીનગર, તા.૧૨।

ગુજરાત રાજ્યમાં ટેકાના ભાવે તુવેર ખરીદીને લઈને મોટો વિવાદ સર્જાયો છે. સેટેલાઈટ સર્વે મુજબ રાજ્યના ૧૦ હજાર ખેડૂતોના રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા છે. જેમાં જુનાગઢ, કેશોદ સહિતના જિલ્લાના ખેડૂતોનો પણ સામેલ છે. ખેડૂતોના રજીસ્ટ્રેશન રદ થતાં તુવેર પકવતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

જમીન માપણીની ભૂલમાં થયેલી ભૂલના લીધે ખેડૂતોને ભોગવવાનો વારો આવ્યો છે. આ મામલે ભારતીય કિસાન સંઘે મુખ્યમંત્રીને પત્ર લખીને રદ થયેલા રજિસ્ટ્રેશનવાળા ખેડૂતોની તુવેર ખરીદી તાત્કાલિક શરૂ કરવામાં આવે અને તેમના ખાતામાં વહેલી તકે પૈસા જમા કરાવવાની પણ માંગ કરવામાં આવી છે. જૂનાગઢમાં તુવેર માટે રજિસ્ટ્રેશન રદ થવા પર પાલ આંબલિયાએ પ્રહાર કરતાં જણાવ્યું હતું કે પાકોનો સેટેલાઈટ સર્વે શરૂ કર્યો છે. આ સર્વેમાં જે ખેતર દેખાય છે, તે ખેતરનો સર્વે થયો છે. જેમાં ઠ ની જમીન હતી તે રૂના નામે ચડી ગઈ છે અને રૂની જમીન ઠના નામે ચડી ગઈ છે. ઠએ તુવેર વાવી છે, તેના ખેતરમાં તુવરે પણ છે પણ જમીન માપણીની ભૂલ છે તે ખેતર રૂનું દેખાય છે.

જ્યારે સેટેલાઈટ સર્વે કર્યો ત્યારે રૂમાં તો તુવેર હતી જ નહી. એટલે ખેડૂતોએ ટેકાના ભાવે તુવરની રજિસ્ટ્રેશન કર્યું પણ જુનાગઢ રજિસ્ટ્રેશન કેન્દ્ર ખેડૂત જાય છે ત્યારે કહેવામાં આવે છે કે તમે તુવેર વાવી જ નથી. જેથી ખેડૂતોએ વીલા મોંઢે પાછા ફરવું પડે છે. જોયા જેવું એ છે કે ભૂલ જમીન માપણીની છે અને ભોગવે ખેડૂતો છે. સરકાર આ સેટેલાઈટ સર્વે પાક યોજના નહી પણ આવી અનેક યોજનામાં આ જમીન માપણીની ભૂલો સરકારને ક્યાંકને ક્યાંક આડી આવે છે. દરેક વખતે સરકારના ચહેરા પર ધૂળ છે અને સરકાર અરીસો સાફ કરવાના પ્રયત્નો કરે છે. આ ખોટેખોટી અને ભૂલ ભરેલી જમીન માપણી છે. સો ટકા જમીન માપણીમાં ભૂલ છે એવું સાબિત થઈ ગયું છે.

સરકારે પોતે સર્વે કરીને સાબિત કર્યું છે, આવા અલગ અલગ પ્રોજેક્ટોમાં સાબિત થયું છે. પરંતુ તેમછતાંય સરકાર જમીન માપણી રદ શા માટે કરતી નથી આ કોઈને સમજાતું નથી. સરકારને જમીન માપણી પ્રત્યે આટલો પ્રેમ શા માટે છે. સૌ પ્રથમ જેટલા ખેડૂતોને પાછા મોકલ્યા છે તેમની તુવેર ખરીદવામાં આવે અને જમીન માપણી રદ કરવામાં આવે.

### પશ્ચિમ રેલ્વે ચલાવશે બાંદ્રા ટર્મિનસ અને અમદાવાદ વચ્ચે હોળીના તહેવાર માટે સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવે દ્વારા હોળીના તહેવાર દરમિયાન મુસાફરોની સુવિધા અને વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને અને મુસાફરોની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે બાંદ્રા ટર્મિનસ અને અમદાવાદ સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે:

● ટ્રેન નં. ૦૯૦૯૧/૦૯૦૯૨ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ હોળી સ્પેશિયલ (૪ ટ્રિપ્સ)

ટ્રેન નંબર ૦૯૦૯૧ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૩ અને ૧૪ માર્ચ ૨૦૨૫ (ગુરુવાર અને શુક્રવાર) ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૧૬.૨૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૦.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૯૨ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૪ અને ૧૫ માર્ચ ૨૦૨૫ (શુક્રવાર અને શનિવાર) ના રોજ અમદાવાદથી ૦૬.૨૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૫.૦૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, ઉધના, ભરૂચ, વડોદરા અને આણંદ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૯૧ અને ૦૯૦૯૨ માટે બુકિંગ ૧૩ માર્ચ, ૨૦૨૫ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

#### ૧૩મી માર્ચ "વિશ્વ કિડની દિવસ"

## ગુપ્તદાન રૂપે થયેલ આ અંગદાનથી એક હૃદય, બે કિડની અને એક લિવરનું દાન મળ્યું

### હજું પણ રાજ્યમાં ૨૦૦૦થી વધુ દર્દીઓ કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે વેઇટીગમાં, ડો. રાકેશ જોષી, તબીબી અધિક્ષક, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

। (એજન્સી) અમરેલી, તા.૧૨ ।

દર વર્ષે માર્ચ મહીનાના બીજા ગુરુવારે "વિશ્વ કિડની દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. કિડની સંબંધીત રોગો સંદર્ભે લોકોમાં જાગૃતતા પ્રસરે અને કિડનીની ગંભીર બિમારી ધરાવતા અને લાંબા સમયથી ડાયાલિસિસ પર રહેલા દર્દીઓ કે જેમને ટ્રાન્સપ્લાન્ટની જરૂર હોય તેમને અંગદાનથી કિડની મળી રહે તે માટે લોકોમાં જાગૃતતા કેળવવાનો આ દિવસનો મુખ્ય ઉદ્દેશ છે. સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં "વિશ્વ કિડની દિવસ" ના એક દિવસ પૂર્વે ખરા અર્થમાં આ દિવસની મહત્તા સાર્થક કરતુ અંગદાન થયું.

સિવિલ હોસ્પિટલમાં થયેલ આ ૧૮૧ મુ અંગદાન ગુપ્તધાન રૂપે થયું. સમગ્ર વિગતો જોઈએ તો, મુળ ઉત્તરપ્રદેશ ના અને અમદાવાદમા નોકરી માટે વસવાટ કરતા ૪૫ વર્ષના પુરુષને મગજના લોહીની નસ ફાટી જતા બ્રેઈન હેમરેજ થયું. જેથી સઘન સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ દર્દી સારવાર દરમ્યાન બ્રેઈનડેડ થતા ફરજ પરના ડોક્ટરોએ પરિવારજનોને અંગદાન વિશે સમજાવ્યા. દર્દીના પરિવારજનોએ સર્વ સંમતિથી અંગદાનની સંમતિ આપતા તા.૧૨.૦૩.૨૦૨૫ ના રોજ તેમના અંગોનું દાન લેવામાં આવ્યું

આ અંગદાનથી મળેલ બે કિડની અને એક લિવરને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરુરીયાતમંદ દર્દીઓમાં તેમજ હદયને ગ્રીનકોરીડોર મારફતે અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં દાખલ દર્દીને ટ્રાન્સપ્લાન્ટ કરાશે.

આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૧ અંગદાતાઓ થકી ૩૨૮ કિડની, ૧૫૮ લીવર, ૫૭ હદય, ૩૦ ફેફસા, ૧૦ સ્વાદુપિંડ, ૨ નાના આંતરડા, ૬ હાથ અને ૫ સ્કીન મળી કુલ ૫૯૧ અંગોનું દાન મળ્યું છે જેના થકી ૫૭૩ વ્યક્તિઓને નવજીવન આપણે આપી શક્યા છીએ તેમ ડો. રાકેશ જોશી એ વધુમાં જણાવ્યુ હતુ. દર વર્ષે માર્ચ મહીનાના બીજા ગુરુવારે ઉજવાતા વર્લ્ડ કિડની દિવસ નિમીતે વર્ષ ૨૦૨૫ ની થીમ "Are Your Kidneys OK? Detect Early, Protect Kidney Health અન્વયે સમાજ ના દરેક લોકોને પોતાની કિડનીના સ્વાસ્થ્યને જાળવવા જરુરી ધ્યાન રાખવા ડો. જોષીએ સૌને અપીલ કરી હતી. હાલ રાજ્યમાં ૨૦૦૦ થી વધુ દર્દીઓ કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે વેઈટીગમાં છે. લાઈવ ડોનેશન નહીં પરંતુ બ્રેઈન ડેડ વ્યક્તિના અંગદાનથી પીડીત વ્યક્તિઓ મને અંગો મળી રહે તે માટે સમાજમા અંગદાન પ્રત્યે જાગ્રુતિ કેળવાય તેવા પ્રયાસો હાથ ધરવા તેમણે અનુરોધ કર્યો હતો.